

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 178
Dt.: 04-05-2026,
Monday
Page:04
Rs.00.50 paisa

### બિલ્ડિંગના ખરાબ સ્ટ્રક્ચરના કારણે લોકોએ પોતાનો જીવ ખોવો પડ્યો

# દિલ્હીમાં AC બ્લાસ્ટ બાદ બિલ્ડિંગમાં ભીષણ આગ, ૯ લોકોના મોત થયા

## રાજધાની દિલ્હીના શાહદરામાં ધનાઢ્ય વિસ્તાર ગણાતા વિવેક વિહારમાં ચાર માળની બિલ્ડિંગમાં રવિવારે વહેલી સવારે AC બ્લાસ્ટ થયો હતો



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રાજધાની દિલ્હીના શાહદરામાં ધનાઢ્ય વિસ્તાર ગણાતા વિવેક વિહારમાં ચાર માળની બિલ્ડિંગમાં રવિવારે વહેલી સવારે કથિત AC બ્લાસ્ટ થયો હતો, જેમાં ચાર મહિલાઓ સહિત ૯ લોકોએ જીવ ગુમાવ્યો છે.

પ્રાથમિક તપાસમાં બિલ્ડિંગની કેટલીક બેદરકારી પણ સામે આવી છે, જેના કારણે રેસ્ક્યૂ ઓપરેશનમાં અનેક પરેશાનીનો સામનો કરવો પડ્યો છે. બિલ્ડિંગના ખરાબ સ્ટ્રક્ચરના કારણે લોકોને પોતાના જીવ બચાવવામાં પણ મુશ્કેલી આવી છે.

મળતી વિગતો મુજબ, ચાર માળની બિલ્ડિંગમાં એસીમાં બ્લાસ્ટ થયા બાદ અનેક ફ્લેટમાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં ૯ લોકોના મોત થયા છે.

ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ તુરંત દોડી આવી હતી, જોકે તેઓએ અનેક મુશ્કેલીનો સામનો કર્યા બાદ અત્યાર સુધીમાં લગભગ ૧૫ લોકોને સુરક્ષિત બાહર કાઢી લીધા છે.

પોલીસ અધિકારીઓએ કહ્યું કે, વિવેક વિહાર ફેઝ-૧માં ચાર માળની બિલ્ડિંગમાં આજે વહેલી સવારે આગ લાગી હતી. આગ એટલી ભયાનક હતી કે, તે અનેક ફ્લેટોમાં પહોંચી ગઈ હતી. પ્રાથમિક તપાસમાં એસી બ્લાસ્ટ અથવા શોર્ટ સર્કિટના કારણે લાગવાની આશંકા છે. જોકે હજુ ચોક્કસ કારણોની તપાસ કરવામાં આવી રહી છે.

એવી વિગતો સામે આવી છે કે, બિલ્ડિંગના ખરાબ સ્ટ્રક્ચરના કારણે લોકોએ પોતાનો જીવ ખોવો પડ્યો છે. રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન ધાબાનો દરવાજો બંધ હતો. આ ઉપરાંત બિલ્ડિંગમાં માત્ર એક જ સીડી હતી. એટલું જ નહીં, ફ્લેટોની ગેલેરી સહિત અનેક બાજુએ લોખંડની ગ્રીલ લાગેલી હતી, જેના કારણે રેસ્ક્યૂ ઓપરેશનમાં અનેક પડકારો ઉભા થયા હતા. આવા જ કેટલાક કારણોથી લોકો પોતાનો જીવ બચાવી શક્યા નથી. રિપોર્ટ મુજબ, અત્યાર સુધીમાં ૯ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

દિલ્હીના ફાયર ઓફિસર મુકેશ વર્માએ કહ્યું કે, સવારે ૩.૪૭ કલાકે આગ લાગી હોવાનો કોલ આવ્યા બાદ ફાયર બ્રિગેડની અનેક ગાડીઓ સ્થળ પર પહોંચી ગઈ. ફાયર બ્રિગેડની ટીમે પાછળના રસ્તેથી જવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ગેલેરીઓમાં લોખંડની ગ્રીલ લાગેલી હોવાથી ટીમ જઈ શકી ન હતી.

પછી ટીમે આગળની તરફથી અંદર જવાનો પ્રયાસ કર્યો ત્યારે બિલ્ડિંગમાં માત્ર એક જ સીડી હતી. આ દર્દનાક ઘટનામાં ૯ લોકોના મોત થયા છે. બિલ્ડિંગમાં ફસાયેલા ૧૫ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે, જ્યારે તેમાંથી બે લોકોને સામાન્ય ઈજા થઈ છે.

ફાયર ડિપાર્ટમેન્ટના અધિકારીઓએ કહ્યું કે, બિલ્ડિંગના ૬ ફ્લેટોમાં આગ લાગી હતી. રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન જુદા જુદા માળેથી ૯ લાશો મળી આવી છે.

પહેલા માળે એક, બીજા માળે એક અને સીડી પાસેથી ત્રણ લાશ મળી આવી છે. એક માળે તો સીડીમાં તાળુ લગાવેલું દેખાયું છે. પોલીસે તમામ લાશોને પોસ્ટ મોર્ટમ માટે મોકલી દીધા છે. આગ કયા કારણોસર લાગી તેની તપાસ શરૂ કરી દેવાઈ છે.

### ઈરાન સામે અમેરિકાની લાચારીનો પર્દાફાશ

## દુનિયાથી હકીકત છુપાવવા સેટેલાઈટ કંપનીઓ સામે યુએસએ હાથ જોડ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધમાં ટ્રમ્પ પ્રશાસનની ભારે ફજેતી કરનારો એક સનસનીખેજ ઘટસ્ફોટ થયો છે. ઈરાનના હુમલામાં અમેરિકાના સૈન્ય મથકોને થયેલા ભારે નુકસાનની વિગતો દુનિયાથી છુપાવવા માટે ટ્રમ્પ વહીવટીતંત્રે ખાનગી સેટેલાઈટ કંપનીઓ સામે હાથ જોડવા પડ્યા હોવાનું સામે આવ્યું છે. અમેરિકી સંરક્ષણ વિભાગ પેન્ટાગોનને ડર હતો કે જો હુમલામાં પાયમાલ થયેલા સૈન્ય ઠેકાણાઓની અસલી તસવીરો દુનિયા સામે આવશે, તો અમેરિકાની મહાસત્તા તરીકેની છબીને ઊંડો આઘાત લાગશે. દુનિયાને ખબર પડી જશે કે ઈરાને અમેરિકાની અજેય ગણાતી સેનાને લાચાર બનાવી દીધી છે, જેનાથી આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકાનું જાહેર અપમાન થાય તેમ હતું. આધુનિક યુગમાં મેક્સર અને પ્લેનેટ લેબ્સ જેવી ખાનગી કંપનીઓ અવકાશમાંથી કોઈપણ નુકસાનની સચોટ તસવીરો ખેંચી લે છે.

આ અહેવાલ મુજબ અમેરિકાની દિગ્ગજ સેટેલાઈટ કંપની પ્લેનેટ લેબ્સ એ ઈરાન અને મધ્ય-પૂર્વના સંઘર્ષવાળા વિસ્તારોની તસવીરો જાહેર કરવા પર અચોક્કસ મુદત માટે પ્રતિબંધ મૂકી દીધો છે. કંપનીએ આ પગલું રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલી ખાસ વિનંતી બાદ ઉઠાવ્યું છે. અગાઉ તસવીરોમાં ૯૬ કલાક અને બાદમાં ૧૪ દિવસનો વિલંબ રાખવાનો નિયમ હતો, જેને હવે વધારીને અચોક્કસ મુદતનો કરી દેવાયો છે.

આ સમગ્ર કવાયતનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે દુશ્મન દેશો આ તસવીરોનો ઉપયોગ અમેરિકા અને તેના સહયોગીઓ પર વધુ હુમલા કરવા માટે ન કરી શકે. સાથે જ, અમેરિકી જનતા અને વૈશ્વિક સમુદાયમાં પોતાની નબળાઈનો સંદેશ ન જાય તે માટે આ પુરાવાઓ છુપાવવાની કોશિશ કરવામાં આવી રહી છે.

## માલદીવ બાદ હવે નેપાળે પણ ટ્રમ્પના ખાસ દૂતને ન આપ્યો ભાવ

(સંપૂર્ણ સમાચાર સેવા)કાઠમંડુ

દક્ષિણ એશિયામાં પોતાની પકડ મજબૂત કરવા નીકળેલા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ખાસ દૂત સર્જિયો ગોરને સતત બીજો મોટો કૂટનીતિક ઝટકો લાગ્યો છે.

માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝુ બાદ હવે નેપાળના નવનિયુક્ત વડાપ્રધાન બાલેન શાહે પણ સર્જિયો ગોરને મળવાનો સાફ ઈનકાર કરી દીધો છે. એક શક્તિશાળી રાષ્ટ્રના દૂતને પાડોશી દેશોના વડાઓ દ્વારા મળવાનો સમય ન આપવો એ અમેરિકા માટે મોટી નાલેશી સમાન છે. સર્જિયો ગોર છ સભ્યોના પ્રતિનિધિમંડળ સાથે ત્રણ દિવસીય કાઠમંડુના પ્રવાસે આવ્યા હતા. અમેરિકન દૂતાવાસ દ્વારા વડાપ્રધાન બાલેન શાહ સાથે બેઠક માટે વારંવાર વિનંતી કરવામાં આવી હતી, પરંતુ વડાપ્રધાન કાર્યાલયે (PMO) આ વિનંતીને ઠુકરાવી દીધી હતી.

નેપાળ સરકારે સત્તાવાર રીતે એવું કારણ આપ્યું કે વડાપ્રધાન અત્યારે ઘરેલું મુદ્દાઓ અને આંતરિક શાસન પર ધ્યાન આપી રહ્યા છે, તેથી તેમની પાસે સમય નથી. જાણકારોનું માનવું છે કે બાલેન શાહ એવો પ્રોટોકોલ સ્થાપિત કરવા માંગે છે કે નેપાળના વડાપ્રધાન માત્ર રાષ્ટ્રાધ્યક્ષો કે વિદેશ મંત્રી સ્તરના અધિકારીઓને જ મળશે, કોઈ દૂતને નહીં.

નેપાળ પહેલા માલદીવમાં પણ સર્જિયો ગોરની આવી જ ફજેતી થઈ હતી. માલદીવના રાષ્ટ્રપતિ મુઈઝ્ઝુએ પણ તેમને મળવાનો ઈનકાર કર્યો હતો. મુઈઝ્ઝુએ સ્પષ્ટ કર્યું હતું કે મધ્ય-પૂર્વ (ઈરાન) સંઘર્ષ મુદ્દે તેમને અમેરિકા સાથે કોઈ ચર્ચા કરવામાં રસ નથી.

## લેન્ડિંગ સમયે વિમાનનો ઈમરજન્સી ગેટ ખોલીને કૂદી ગયો મુસાફર! : ૧ કલાક સુધી બંધ રહ્યો ચેન્નાઈ એરપોર્ટનો રનવે

(સંપૂર્ણ સમાચાર સેવા)ચેન્નાઈ

રવિવારની વહેલી સવારે ચેન્નાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર તે સમયે ભારે ગભરાટ ફેલાઈ ગયો, જ્યારે એક મુસાફરે ચાલુ ફ્લાઈટનો ઈમરજન્સી દરવાજો અચાનક ખોલી નાખ્યો અને બહાર છલાંગ લગાવી દીધી. શારજાહથી ચેન્નાઈ પહોંચેલી એર અરેબિયાની આ ફ્લાઈટમાં ૨૩૧ મુસાફરો સવાર હતા. આ જોખમી હરકતને કારણે વિમાનમાં બેઠેલા અન્ય મુસાફરોનો જીવ અધ્ધર થઈ ગયો હતો.

ઘટનાના બાદ તાત્કાલિક સુરક્ષા દળોએ મોરચો સંભાળ્યો હતો અને એક મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. આ ભયાનક ઘટના ત્યારે બની જ્યારે વિમાન લેન્ડિંગ પછી મુખ્ય રનવે પરથી દૂર થઈને ટેક્સી-વે પર ધીમી ગતિએ આગળ વધી રહ્યું હતું. ત્યારે અચાનક ૩૪ વર્ષના એક પુરુષ મુસાફરે ઈમરજન્સી ગેટ ખોલ્યો અને ચાલુ ફ્લાઈટમાંથી નીચે કૂદી પડ્યો. આ અચાનક બનેલી ઘટનાથી વિમાનમાં અફરાતફરી મચી ગઈ અને સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી ગઈ. પાઈલટે તરત જ ઈમરજન્સી બ્રેક લગાવીને વિમાન રોક્યું અને ગ્રાઉન્ડ સુરક્ષા ટીમને એલર્ટ કરી દીધી. શરૂઆતી તપાસમાં જાણવા મળ્યું છે કે મુસાફરી દરમિયાન આ મુસાફરની તબિયત ઘણી લથડી હતી. એરપોર્ટ અધિકારીઓ મુજબ મુસાફરે ફ્લાઈટની અંદર ગભરાટ અને ઉલટી થવાની ફરિયાદ કરી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે ઈમરજન્સી ગેટથી કૂદતા પહેલા તેણે વિમાનની અંદર બે વાર ઉલટી પણ કરી હતી. માનવામાં આવે છે કે આ ભારે બેચેની અને ખરાબ તબિયતને કારણે જ તેણે આવું ભયાનક પગલું ભર્યું હતું. પાઈલટની સૂચના મળતાની સાથે જ સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (CISF)ના જવાનો તરત જ તે સ્થળે પહોંચી ગયા જ્યાં વિમાન ઉભું હતું. હથિયારધારી સુરક્ષાકર્મીઓની સાથે બોમ્બ સ્ક્વોડ પણ તરત જ વિમાન પાસે પહોંચી ગઈ હતી. સુરક્ષાકર્મીઓએ થોડો પણ વિલંબ કર્યા વિના તે મુસાફરને પકડી લીધો અને તેને કસ્ટડીમાં લઈ લીધો. પાઈલટે આ સમગ્ર ઘટના અંગે ઔપચારિક ફરિયાદ પણ નોંધાવી છે, જેના પછી મુસાફરને વધુ તપાસ માટે પોલીસને સોંપવામાં આવ્યો છે. આ હાઈ વોલ્ટેજ ડ્રામાને કારણે ચેન્નાઈ એરપોર્ટની સામાન્ય કામગીરી થોડા સમય માટે ખરાબ રીતે પ્રભાવિત થઈ હતી. અધિકારીઓએ સુરક્ષાને ધ્યાનમાં રાખીને સવારે ૦૩:૨૩ વાગ્યાથી ૦૪:૨૩ વાગ્યા સુધી મુખ્ય રનવેને સંપૂર્ણપણે બંધ રાખ્યો હતો. આ એક કલાક દરમિયાન આવતી અન્ય તમામ ફ્લાઈટ્સને એરપોર્ટના બીજા (સેકન્ડરી) રનવે તરફ વાળી દેવામાં આવી હતી. ચેન્નાઈ એરપોર્ટના એક વરિષ્ઠ અધિકારીએ રાહતનો શ્વાસ લેતા જણાવ્યું કે આ ઘટનામાં વિમાનને કોઈ નુકસાન થયું નથી અને બાકીના તમામ મુસાફરો સુરક્ષિત છે. જો કે હજુ સુધી મુસાફરની સંપૂર્ણ ઓળખ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી નથી, પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે તે તમિલનાડુના પુદુક્કોટ્ટઈ જિલ્લાનો રહેવાસી છે. પોલીસ અને સુરક્ષા એજન્સીઓ હવે એવિએશન સેફ્ટી પ્રોટોકોલના ભંગના આ અત્યંત ગંભીર મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. અધિકારીઓ તે મુસાફરની સતત પૂછપરછ કરી રહ્યા છે અને ઘટનાનું અસલી કારણ જાણવા પ્રયાસ કરી રહ્યા છે. આ સાથે જ ડોકટરોની એક ટીમ તે મુસાફરની માનસિક સ્થિતિની પણ તપાસ કરી રહી છે, જેથી સમજી શકાય કે તેણે આવું જોખમી પગલું કેમ ભર્યું.

## ઓડિશામાં દૂધના ભાવમાં પ્રતિ લિટર ૪ રૂપિયાનો વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)ઓડિશા

દેશભરના લોકો ગેસ સિલિન્ડરના વધતા ભાવથી પહેલાથી જ પરેશાન છે, પરંતુ તાજેતરમાં દૂધના ભાવમાં થયેલા વધારાથી તેમની ચિંતાઓ વધી ગઈ છે. ઓડિશા મિલ્ક એન્ડ ડેરી કોઓપરેટિવ ફેડરેશને રાજ્યભરમાં દૂધના ભાવમાં પ્રતિ લિટર રૂ.૪નો વધારો જાહેર કર્યો છે. અહેવાલ મુજબ, ઓડિશા રાજ્ય સહકારી દૂધ ઉત્પાદક ફેડરેશન (OMFED)એ પ્રોસેસિંગ અને પરિવહન ખર્ચમાં વધારાને ટાંકીને દૂધના ભાવમાં પ્રતિ લિટર રૂ.૪નો વધારો કર્યો છે. રાજ્યના મત્સ્યઉદ્યોગ અને પશુ સંસાધન વિકાસ મંત્રી ગોકુલાનંદ મલ્લિકે જાહેરાત કરી કે ટોન્ડ મિલ્કનો ભાવ રૂ.૫૦થી વધારીને રૂ.૫૪ પ્રતિ લિટર કરવામાં આવ્યો છે, જ્યારે પ્રીમિયમ મિલ્કનો ભાવ રૂ.૫૪થી વધારીને રૂ.૫૮ પ્રતિ લિટર કરવામાં આવ્યો છે. એ જ રીતે ઓડિશામાં ગોલ્ડ પ્રીમિયમ મિલ્કનો ભાવ હવે રૂ.૫૬થી વધારીને રૂ.૬૦ પ્રતિ લિટર કરવામાં આવ્યો છે, જ્યારે ગોલ્ડ પ્રીમિયમ પ્લસ વેરિઅન્ટનો ભાવ રૂ.૬૦થી વધારીને રૂ.૬૪ કરવામાં આવ્યો છે. રાજ્યના પશુ સંસાધન વિકાસ મંત્રી ગોકુલાનંદ મલ્લિકે જણાવ્યું હતું કે સુધારેલા ભાવ રવિવારથી અમલમાં આવ્યા છે. મંત્રી ગોકુલાનંદ મલ્લિકે જણાવ્યું હતું કે ટોન્ડ મિલ્ક અને પ્રીમિયમ મિલ્કના ૫૦૦ મિલી પાઉચ હવે અનુક્રમે રૂ.૨૭ અને રૂ.૨૯માં વેચાશે. વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે ભાવ વધારો પ્રક્રિયા અને પરિવહનના વધતા ખર્ચને ધ્યાનમાં રાખીને લાગુ કરવામાં આવ્યો છે. મલ્લિકે જણાવ્યું હતું કે દૂધના ભાવ ઘણા સમયથી વધારવામાં આવ્યા નથી. અમે ખેડૂતોના હિતમાં ઊંચા દરે દૂધ ખરીદીશું, તેમણે વધુમાં ઉમેર્યું હતું કે OMFEDના ભાવ અન્ય બ્રાન્ડેડ કંપનીઓની તુલનામાં નોંધપાત્ર રીતે ઓછા છે, જ્યારે જનતાને ખાતરી આપવામાં આવે છે કે ગુણવત્તા સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં.




## બંગાળમાં ૯૩ ટકા વોટિંગ છતાં ફાલ્ટા બેઠક પર ફરી થશે મતદાન

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળની ફાલ્ટા વિધાનસભા બેઠક પર ૨૯ એપ્રિલના રોજ થયેલા મતદાન દરમિયાન લોકશાહી પ્રક્રિયાનું ઉલ્લંઘન અને ગંભીર ચૂંટણી અપરાધોની ઘટનાઓ સામે આવી હતી. આ બાબતને ગંભીરતાથી લેતા ચૂંટણી પંચે આખી બેઠક પર નવેસરથી મતદાન કરાવવાનો નિર્ણય લીધો છે.

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા આદેશ મુજબ ફાલ્ટા બેઠક માટે નવું શેડ્યૂલ અનુસાર સહાયક મતદાન મથકો સહિત તમામ ૨૮૫ મથકો પર ફરીથી મતદાન થશે. ૨૧ મે ૨૦૨૬ ના રોજ ફરીથી મતદાન યોજાશે. સવારે ૭ થી સાંજના ૬ વાગ્યા સુધી મતદાન થશે. આ બેઠક માટે ૨૪ મે ના રોજ મતગણતરી કરવામાં આવશે.દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના આ મતવિસ્તારમાં ૨૯ એપ્રિલના મતદાન બાદ સ્થાનિક લોકોએ વ્યાપક વિરોધ પ્રદર્શન કર્યા હતા. ખાસ કરીને હાસીમનગર ગામમાં તણાવ વધ્યો હતો. જ્યાં મોટી સંખ્યામાં ગ્રામીણો અને ભાજપના સમર્થકોએ રસ્તા જામ કરીને સુરક્ષા અને ફરીથી મતદાનની માંગ કરી હતી. લોકોના આક્રોશ અને સુરક્ષાની માંગ બાદ CRPF ના જવાનોને મોટી સંખ્યામાં તૈનાત કરવામાં આવ્યા હતા. પશ્ચિમ બંગાળમાં આ વખતે બે તબક્કામાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં આઝાદી પછીનું સૌથી વધુ, અંદાજે ૯૩ ટકા જેટલું સરેરાશ મતદાન નોંધાયું છે.

અગાઉ ૨૦૧૩ માં ત્રિપુરામાં ૯૧.૮૨ ટકા મતદાનનો રાષ્ટ્રીય રેકોર્ડ હતો. રાજ્યની અન્ય બેઠકો માટે ૪ મે ના રોજ મતગણતરી થવાની છે અને પરિણામો પણ તે જ દિવસે જાહેર થશે.

નવસર્જન સંસ્કૃતિ
ગુજરાતી

JioTV
CHENNAL NO.
3048

TATA PLAY
CHENNAL NO.
2119

Jio Air Fiber
Jio Tv +
Jio Fiber
Daily Hunt
ebaba Tv
Dish Plus
DTH live OTT
Rock TV
Airtel
Amezone Fire
Rocu Tv-US.UK

દેશ-દુનિયાના મહત્વપૂર્ણ સમાચારોની
માહિતી મેળવવા માટે આજે જ
નવસર્જન સંસ્કૃતિ ગુજરાતી ચેનલ નિહાળો

# તંત્રી લેખ......

## એઆઈ પર્યાવરણ માટે પડકાર ન બને તે માટે, ખાસ ધ્યાન આપવું જોઈએ

કૃત્રિમ બુદ્ધિ, ખાસ કરીને જનરેટિવ એઆઈ આપણા યુગની સૌથી પરિવર્તનશીલ તકનીકોમાંની એક છે. માનવ જેવી સામગ્રી બનાવવાથી લઈને દવાની શોધને વેગ આપવા અને વ્યવસાયિક બુદ્ધિ વધારવા સુધી, જનરેટિવ છૈં ઉદ્યોગોને અભૂતપૂર્વ ગતિએ ફરીથી આકાર આપી રહ્યું છે. જોકે, જેમ જેમ આ તકનીક વધુ શક્તિશાળી બની રહી છે, તેમ તેમ તેનો પર્યાવરણીય બોજ પણ સ્પષ્ટ થઈ રહ્યો છે. હવે આપણે જે પ્રશ્નનો સામનો કરી રહ્યા છીએ તે તાત્કાલિક અને જરૂરી બંને છે. શું આપણે જનરેટિવ એઆઈને વધુ ટકાઉ બનાવી શકીએ છીએ ?

આ પ્રક્રિયા લાંબા સમય સુધી સેંકડો ઘરો ચલાવવા જેટલી ઉર્જા વાપરે છે. યુનિવર્સિટી ઓફ મેસેચ્યુસેટ્સ, એમ્હર્સ્ટના ૨૦૧૯ ના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ફક્ત એક ડીપ લર્નિંગ મોડેલને તાલીમ આપવાથી તેમના સમગ્ર જીવનકાળ દરમિયાન પાંચ કાર ચલાવવા જેટલો કાર્બન ઉત્સર્જન થઈ શકે છે. જેમ જેમ એઆઈનો દૈનિક ઉપયોગ વધે છે, તેમ તેમ ઉર્જા વપરાશ પણ વધે છે. જો આને સંબોધવામાં ન આવે, તો આ કાર્બન ઉત્સર્જન વધુ ઝડપથી વધવાની અપેક્ષા છે.

આપણે એઆઈને ગ્રીન કેવી રીતે બનાવી શકીએ? સદનસીબે, એઆઈ વિચારશીલ સમુદાય આ ચિંતાઓથી અજાણ નથી. જનરેટિવ એઆઈ સિસ્ટમ્સની પર્યાવરણીય અસર ઘટાડવા માટે ટેકનોલોજી, માળખાગત સુવિધાઓ અને નિયમનકારી સહિત વિવિધ વ્યૂહરચનાઓની શોધ કરવામાં આવી રહી છે. આ સંદર્ભમાં સૌથી મુખ્ય પડકાર સ્માર્ટ અને હળવા વજનના એઆઈ મોડેલ્સનું નિર્માણ છે. વિકાસકર્તાઓ હવે મોડેલ આર્કિટેક્ચરને ઑપ્ટિમાઇઝ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

મોડેલ કાપણી, ક્વોન્ટાઇઝેશન અને જ્ઞાન નિસ્યંદન જેવી તકનીકોનો ઉપયોગ કરીને,એઆઈ મોડેલોના પ્રદર્શન સાથે સમાધાન કર્યા વિના તેમના કદ અને જટિલતાને ઘટાડી શકાય છે. ટ્રાન્સફર લર્નિંગ, એટલે કે, પૂર્વ-પ્રશિક્ષિત મોડેલોના આધારે નવા મોડેલો બનાવવા, પણ એક આશાસ્પદ અભિગમ છે, જે ગણતરીના બોજ અને સંકળાયેલ કાર્બન ઉત્સર્જનને નોંધપાત્ર રીતે ઘટાડે છે.એઆઈ કમ્પ્યુટિંગની કરોડરજ્જુ, ડેટા સેન્ટર્સ પર પણ પુનર્વિચાર કરવામાં આવી રહ્યો છે. ગુગલ, માઈક્રોસોફ્ટ અને એમેઝોન જેવી કંપનીઓ કાર્બન-તટસ્થ અથવા નવીનીકરણીય ઉર્જા-સંચાલિત સુવિધાઓમાં ભારે રોકાણ કરી રહી છે. ઉર્જા કાર્યક્ષમતા વધારવા અને કચરો ઘટાડવા માટે લિક્વિડ કૂલિંગ, સ્માર્ટ પાવર ફાળવણી અને ગતિશીલ લોડ બેલેન્સિંગ જેવી નવીન તકનીકોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.જનરેટિવ એઆઈ સિસ્ટમ્સની પર્યાવરણીય અસર ઘટાડવાનો બીજો રસ્તો ઊર્જા-કાર્યક્ષમ હાર્ડવેર અને એજ કમ્પ્યુટિંગનો વિકાસ છે.વધુમાં, જો એઆઈ મોડેલો સ્માર્ટફોન અથવા આઈઓટી સેન્સર જેવા એજ ડિવાઈસ પર ચલાવવામાં આવે, તો તે ક્લાઉડ પર સંપૂર્ણપણે આધાર રાખવાને બદલે, ઊર્જા વપરાશ અને વિલંબને નોંધપાત્ર રીતે ઘટાડી શકે છે, જે છૈં ને વધુ સુલભ, કાર્યક્ષમ અને પર્યાવરણને અનુકૂળ બનાવે છે. વધુમાં, નિયમન અને જવાબદાર શાસન પણ કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. આનો અર્થ એ છે કે નીતિઓ અને શાસન માળખા ટેકનોલોજીકલ સુધારાઓ જેટલા જ મહત્વપૂર્ણ છે. વૈશ્વિક આબોહવા લક્ષ્યો સાથે એઆઈ વિકાસને સંરેખિત રાખવા માટે નિયમો, કાર્બન ઓફસેટ પ્રોત્સાહનો અને પર્યાવરણીય ઓડિટ ધોરણો દ્વારા છૈં ટકાઉપણાને પ્રોત્સાહન આપવું મહત્વપૂર્ણ રહેશે.એઆઈ નૈતિકતા બોર્ડ અને ટકાઉપણું રેટિંગ મિકેનિઝમની રચના પણ જવાબદાર નવીનતાને માર્ગદર્શન આપી શકે છે. ખરેખર, પ્રગતિ અને પર્યાવરણીય સ્વાસ્થ્ય વચ્ચે સંતુલન નિર્ણાયક છે. જનરેટિવ એઆઈ નવીનતામાં પ્રેરક બળ તરીકે ચાલુ રહેશે, પરંતુ તેનું ભવિષ્ય ટકાઉ હોવું જોઈએ. વ્યવસાયો અને વિકાસકર્તાઓ માટે વધતી જતી જરૂરિયાતોને સંભાળવા માટે પ્રદર્શન અને સ્કેલેબિલિટી જેટલી ઊર્જા કાર્યક્ષમતા અને આબોહવા અસરને પ્રાથમિકતા આપવી તે વધુને વધુ આવશ્યક બની રહ્યું છે. ટકાઉપણું હવે ગૌણ વિચારણા ન હોવી જોઈએ, પરંતુ એઆઈ વિકાસનો મૂળભૂત સિદ્ધાંત હોવો જોઈએ.

# સુરતમાં અનોખી પહેલ: સ્કૂલોના સમર કેમ્પમાં ખો-ખો, કબડ્ડી અને ગિલ્લી-ડંડા જેવી દેશી રમતો રમાડાઈ

### લાંબા સમયથી મોબાઈલ અને ટીવી સુધી મર્યાદિત થતા બાળકો માટે જૂની રમતો નવી ઊર્જા લઈને આવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

આજના આધુનિક અને ડિજિટલ યુગમાં જ્યારે બાળકો મોબાઈલ, વીડિયો ગેમ્સ અને ટીવી સ્ક્રીન સુધી મર્યાદિત થઈ રહ્યા છે, ત્યારે સુરતની શાળાઓએ પરંપરાગત દેશી રમતોને ફરી જીવંત કરવાનો નિર્ધાર કર્યો છે. શહેરના અનેક સ્કૂલોના સમર કેમ્પમાં બાળકોને ખો-ખો, કબડ્ડી અને ગિલ્લી-ડંડા જેવી ગામઠી રમતો સાથે જોડવાનો નૂતન અભિગમ અપનાવવામાં આવ્યો છે. લાંબા સમયથી મોબાઈલ અને ટીવી સુધી મર્યાદિત થતા બાળકો માટે જૂની રમતો નવી ઊર્જા લઈને આવી છે. મેદાનમાં દોડવું, ટીમ બનાવીને વ્યૂહરચના કરવી અને જોશપૂર્વક સ્પર્ધા કરવી બાળકોને ખુબ ગમે છે. ખાનગી સ્કૂલના કેમ્પસ ડિરેક્ટર રમાબહેન ખાતરે આ પહેલ વિશે જણાવ્યું હતું કે, 'આજના ડિજિટલ યુગમાં જૂની રમતો ક્યાંક ખોવાઈ ગઈ છે. ખો-ખો અને કબડ્ડી જેવી રમતો બાળકોની ચપળતા, સહનશક્તિ, એકાગ્રતા અને ટીમ સ્પિરિટ મજબૂત બનાવે છે. જ્યારે ગિલ્લી-ડંડા જેવી રમતો આંખ અને હાથના તાલમેલને સુધારે છે. આ રમતો માટે મોંઘા સાધનોની જરૂર પડતી નથી, તેથી દરેક વર્ગના બાળકો સરળતાથી તેમાં ભાગ લઈ શકે છે. બાળકોને માત્ર અભ્યાસ અને ડિજિટલ સાધનો સુધી મર્યાદિત રાખવું યોગ્ય નથી. રમતો દ્વારા તેમના સર્વાંગી વિકાસમાં મદદ મળે છે. આ વિચાર સાથે સમર કેમ્પમાં દેશી રમતોને સ્થાન આપવામાં આવ્યું છે, જેથી નવી પેઢી પોતાની સંસ્કૃતિ સાથે પણ જોડાય છે.' સમર કેમ્પમાં જોડાયેલા બાળકોમાં આ દેશી રમતો પ્રત્યે ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બાળકોનું કહેવું છે કે મોબાઈલ ગેમની સરખામણીએ મેદાનમાં મિત્રો સાથે દોડવું, બચવું અને જીતવાની વ્યૂહરચના બનાવવી વધુ આનંદદાયક છે. અનેક બાળકો માટે ગિલ્લી-ડંડા જેવી રમતો તદ્દન નવી અને રસપ્રદ સાબિત થઈ રહી છે. બાળકોના માતા-પિતા પણ સ્કૂલોના આ નિર્ણયથી ખુશ જણાતા હતા. વેકેશન દરમિયાન બાળકો મોટાભાગનો સમય મોબાઈલ પર વિતાવી સ્વાસ્થ્ય બગાડતા હોય છે, ત્યારે આ પ્રકારના કેમ્પથી બાળકો વધુ સક્રિય અને અનુશાસિત બનશે તેવી આશા વાલીઓએ વ્યક્ત કરી છે. સુરતની શાળાઓની આ પહેલ દર્શાવે છે કે આધુનિકતાના સમયમાં પણ પરંપરાગત ભારતીય રમતોનું મહત્વ અકબંધ છે. આવી પ્રવૃત્તિઓથી નવી પેઢીને પોતાની સંસ્કૃતિ અને મૂળ સાથે જોડાવાની ઉત્તમ તક મળી રહી છે.

# કાર ચાલકે મહિલાને કચડી, સારવાર દરમિયાન મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના સાણંદના મોરૈયા સ્થિત જીઈજી અવેન્યુ સોસાયટીમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે.

ગત ૩૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ નવી કારના પૂજન અને મુહૂર્ત સમયે ચાલકે સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવતા ઘર આંગણે જ ઉભેલા આધેડ મહિલાને કચડી નાખ્યા હતા. આ બનાવમાં મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

ચાંગોદરના રુદ્રઆરંભમાં રહેતા સુરજકુમાર વર્માએ નવી કાર ખરીદી હતી. જેમાં મિત્રના ઘરે કારના ટાયર નીચે શ્રીફળ વધેરી મુહૂર્ત કરતી વખતે શ્રીફળ સ્લિપ થતા કાર બેકાબૂ બની હતી. આ દરમિયાન સોસાયટીના કમ્પાઉન્ડમાં ઉભેલા મધુબેન અલગોતર (મૂળ રહે. જાળીળા, બોટાદ) કારની નીચે દબાઈ ગયા હતા. જેમાં તેઓને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં અમદાવાદની હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું.

# દંપતી નીચે ટીવી જોતું રહ્યું અને મકાનના ઉપરના માળે લાખોની ચોરી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં તસ્કરોનો આતંક યથાવત્ જોવા મળી રહ્યો છે. શહેરના પોશ ગણાતા ઈનકમટેક્સ વિસ્તારમાં ચોરીની એક અનોખી ઘટના સામે આવી છે, જેમાં ઘરના સભ્યો નીચેના માળે હાજર હોવા છતાં તસ્કરો ઉપરના માળેથી લાખોની મતા ચોરી કરી રફુચક્કર થઈ ગયા હતા. તસ્કરોએ એક મકાનને નિશાન બનાવી કુલ ૨,૩૦,૭૯૨ રૂપિયાની મતાની ચોરી કરી છે. આ ઘટના અંગે કમ્પ્યુટર સેલ્સ એન્ડ સર્વિસનો વ્યવસાય કરતા ૩૭ વર્ષીય મયંકભાઈ શાહે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ૩૦મી એપ્રિલના રોજ રાત્રે મયંકભાઈ અને તેમના પત્ની બે માળના મકાનમાં નીચેના રૂમમાં બેસીને ટીવી જોઈ રહ્યા હતા. આ દરમિયાન તસ્કરો મકાનના પાછળના દરવાજાનો નકૂચો તોડી સીડી દ્વારા ઉપરના માળે પહોંચ્યા હતા, જે રૂમનો ઉપયોગ વધારાનો સામાન રાખવા માટે થતો હતો. ઉપરના રૂમમાંથી અચાનક અવાજ આવતા મયંકભાઈ અને તેમના પત્ની તપાસ કરવા દોડી ગયા હતા. ત્યાં પહોંચતા જ જોયું તો લોખંડની તિજોરી ખુલ્લી હતી અને સામાન વેરવિખેર હતો. ચોર તિજોરીમાંથી જૂની નોટોનું કલેક્શન, સોનાનું લેડીઝ બ્રેસલેટ અને બે મોંઘી ઘડિયાળો, પીતળના વાસણો અને એસીની કોપર પાઈપ, કોમ્પ્યુટર અને કેમેરાના વાયરો ચોરી ગયા હતા. ભોગ બનનાર પરિવારે આ સમગ્ર મામલે અજાણ્યા શખસો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# કોહલી પર ટિપ્પણી કરવાનો કોઈ ઈરાદો નહોતો:રોબિન ઉથપ્પા



(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર રોબિન ઉથપ્પાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે તેમના કેટલાક જૂના નિવેદનોથી અજાણતામાં વિરાટ કોહલી સાથેના તેમના સંબંધોમાં તિરાડ પડી ગઈ હતી.

એક પોડકાસ્ટમાં, ઉથપ્પાએ કોહલીની કેપ્ટનશીપ શૈલી અને અંબાતી રાયડુ અંગે લેવામાં આવેલા નિર્ણયની ટીકા કરી હતી. વાસ્તવમાં, અંબાતી રાયડુને ૨૦૧૯ વનડે વર્લ્ડ કપ ટીમમાંથી બહાર કરવામાં આવ્યો હતો, જ્યારે તે લાંબા સમયથી ભારત માટે નંબર-૪ પોઝિશન માટે સૌથી મજબૂત દાવેદાર માનવામાં આવતો હતો. તેના સ્થાને, પસંદગીકારોએ વિજય શંકરનો સમાવેશ કર્યો હતો અને તેને ૩ડી ખેલાડી કહીને આ નિર્ણયને યોગ્ય ઠેરવ્યો હતો. તે પોડકાસ્ટમાં, ઉથપ્પાએ રાયડુ તેમજ યુવરાજ સિંહ પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી. યુવરાજને પણ ટીમમાંથી બહાર કરવામાં આવ્યો હતો અને તેણે ૨૦૧૯ માં વિદાય મેચ રમ્યા વિના નિવૃત્તિ લીધી હતી.

તાજેતરમાં તેની યુટ્યુબ ચેનલ પર, ઉથપ્પાએ સ્પષ્ટતા કરી હતી કે તેનો કોહલી પર ટિપ્પણી કરવાનો કોઈ ઈરાદો નહોતો. તેણે કહ્યું કે તે વાતચીતનો હેતુ વિરાટ વિશે વાત કરવાનો નહોતો. ઈન્ટરવ્યૂ તેના વિશે હતો, પરંતુ જ્યારે તેને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેણે જવાબ આપ્યો. તે સમયે તેને લાગ્યું ન હતું કે આનાથી વિરાટ સાથેના તેના સંબંધો પર અસર પડી શકે છે. તેની અને વિરાટની મિત્રતા પર તે નિવેદનથી અસર પડી હતી. પાછળથી તેને ખ્યાલ આવ્યો કે તેણે વિરાટ કોહલી સાથે ખાનગીમાં વાત કરવી જોઈતી હતી.

૨૦૦૭ ના ટી ૨૦ વર્લ્ડ કપ વિજેતા ખેલાડીએ આગળ કહ્યું કે આ ઘટના તેના માટે એક મહત્વપૂર્ણ પાઠ સાબિત થઈ. તેણે વિરાટ સાથેનો પોતાનો અનુભવ શેર કર્યો નહીં, પરંતુ તેના નજીકના મિત્રના અનુભવ વિશે વાત કરી. દરેકની પોતાની કેપ્ટનશીપ શૈલી હોય છે અને દરેકને પોતાનો અભિપ્રાય આપવાનો અધિકાર છે. પરંતુ તેને લાગ્યું કે ઓછામાં ઓછું વિરાટ સાથેના તેના સંબંધોને ધ્યાનમાં લેતા, તેણે રાષ્ટ્રીય ટેલિવિઝન પર તેના વિશે વાત કરવાને બદલે પહેલા તેની સાથે વાત કરવી જોઈતી હતી. આ તેના માટે એક પાઠ હતો.

### IPL ઈતિહાસની સૌથી મોટી ડીલ

# રાજસ્થાન રોયલ્સને રૂ.૧૫,૬૬૦ કરોડમાં મિત્તલ ફેમિલી અને અદાર પૂનાવાલાએ ખરીદી

### ફ્રેન્ચાઈઝીમાં મિત્તલ પરિવાર પાસે આશરે ૭૫% હિસ્સો રહેશે, જ્યારે અદાર પૂનાવાલા ૧૮% ભાગીદારી ધરાવશે



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) માં એક અત્યંત મોટું અને ઐતિહાસિક વ્યાપારિક અધિગ્રહણ સામે આવ્યું છે.

જાણીતા ઉદ્યોગપતિ લક્ષ્મી નિવાસ મિત્તલ અને આદિત્ય મિત્તલના નેતૃત્વ હેઠળના મિત્તલ પરિવારે, સીરમ ઈન્સ્ટિટ્યૂટના અદાર પૂનાવાલા સાથે મળીને રાજસ્થાન રોયલ્સ (RR) ફ્રેન્ચાઈઝી ખરીદવા માટે કરાર કર્યા છે. આ મેગા ડીલની કુલ કિંમત આશરે રૂ.૧૫,૬૬૦ કરોડ ($1.65 બિલિયન) હોવાનું જણાવાયું છે. આ સોદામાં માત્ર ભારતની આઈપીએલ ટીમ જ નહીં, પરંતુ દક્ષિણ આફ્રિકાની પાર્લ રોયલ્સ અને કેરેબિયન પ્રીમિયર લીગની બાર્બાડોસ રોયલ્સ નો પણ સમાવેશ થાય છે. આ સોદો પૂર્ણ થયા બાદ ફ્રેન્ચાઈઝીમાં મિત્તલ પરિવાર પાસે આશરે ૭૫% હિસ્સો રહેશે, જ્યારે અદાર પૂનાવાલા ૧૮% ભાગીદારી ધરાવશે. બાકીના ૭% હિસ્સામાં મનોજ બડાલે સહિતના જૂના રોકાણકારો યથાવત રહેશે, જેઓ ટીમ સાથે મહત્વની ભૂમિકામાં જોડાયેલા રહેશે. લક્ષ્મી નિવાસ મિત્તલે આ તકે જણાવ્યું હતું કે રાજસ્થાન સાથે તેમનો ભાવનાત્મક નાતો છે અને ક્રિકેટ તેમના હૃદયની નજીક હોવાથી તેઓ આ ટીમ સાથે જોડાવા માટે ઉત્સાહિત છે.અદાર પૂનાવાલાએ પણ આ રોકાણને રાજસ્થાન રોયલ્સની મજબૂત વિરાસતને આગળ વધારવાની તક ગણાવી છે. જોકે, આ ભવ્ય સોદાને હજુ સુધી ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI), આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલ અને કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (CCI) જેવી સંસ્થાઓની સત્તાવાર મંજૂરી મળવાની બાકી છે. આ તમામ નિયમનકારી પ્રક્રિયાઓ વર્ષ ૨૦૨૬ ના ત્રીજા ક્વાર્ટર સુધીમાં પૂર્ણ થવાની આશા છે. આ ડીલ બાદ લક્ષ્મી નિવાસ મિત્તલ, આદિત્ય મિત્તલ, વનિષા મિત્તલ ભાટિયા, અદાર પૂનાવાલા અને મનોજ બડાલે રાજસ્થાન રોયલ્સના નવા બોર્ડમાં સભ્યો તરીકે સામેલ થશે.

### સેક્સ્ડ સિમેન ટેકનોલોજી દ્વારા જે પશુઓ ગાભણ થયા હતા તેમાં ૯૦% જેટલા કિસ્સાઓમાં પાડી કે વાછરડી જ જન્મી, પશુપાલકોને આવક વધી

# પાડા-વાછરડામાંથી પશુપાલકોનો છુટકારો: માત્ર વાછરડી આપતી સેક્સ્ડ સિમન ટેકનોલોજી પશુપાકોએ અપનાવી



ગાંધીનગર:

પાટણ જિલ્લાનાં સરસ્વતી તાલુકાનાં કોઈતા ગામનાં પશુપાલક તૌફિકભાઈ મોમિન પાસે ૪૦ ગાયો અને ૧૩૦ ભેંસો છે. રોજનું અંદાજિત ૨૫૦ લીટર દૂધ ભરે છે. અત્યાર સુંધી તેમને એ ચિંતા રહેતી કે, ગાય કે ભેંસ ગાભણ થાય ત્યારે જો પાડો કે વાછરડી આવશે તો તેનો ખર્ચ કેમ ઉપાડવો? પણ છેલ્લા થોડા સમયથી તેમની આ ચિંતા દૂર થઈ ગઈ છે. કેમ કે, તેમણે તેમના પશુઓમાં સેક્સ્ડ સિમેન ટેકનોલોજીની મદદથી કુત્રિમ બિજદાન કરાવ્યું અને તમામ છ ગાયોને માત્ર વાછરડોનો જ જન્મ થયો.

"સરકારની આ નવી ટેકનોલોજીનાં કારણે અમને ખુબ ફાયદો થયો છે. પાડા અને વાછરડાનો જન્મ અટકી જતા નિભાવ ખર્ચ ઘટ્યો, ઉપરાંત, પશુઓમાં દૂધ ઉત્પાદન વધ્યું અને માત્ર બે જ વર્ષમાં વાછરડી ફરી દૂધ આપતી થઈ જાય છે એટલે આવક પણ વધી. હવે હું આ જ ટેકનોલોજીનો ઉપયોગ કરું છુ," તૌફિકભાઈએ સેક્સ્ડ સિમેન ટેકનોલોજી વિશેનાં ફાયદા ગણાવતા કહ્યું.

ગાય કે ભેંસ ગાભણી થાય ત્યારે પશુપાલકોને એ ચિંતા રહેતી હોય છે કે, પાડો કે વાછરડો તો નહીં જન્મે ને? પણ હવે ગુજરાતનાં પશુપાલકો આ ચિંતામાંથી મુક્ત થઈ ગયા છે.

કેમ કે, ગુજરાત સરકારનાં પશુપાલન વિભાગ દ્વારા સેક્સ્ડ સિમેન ટેકનોલોજીનો ઉપયોગ વધે તે માટે મોટા પ્રમાણમાં પ્રયાસ હાથ ધર્યા છે અને તેમાં મોટી સફળતા મળી છે.

પશુપાલન ક્ષેત્રમાં વૈજ્ઞાનિક પ્રગતિના કારણે આજે એવી ટેકનોલોજી ઉપલબ્ધ બની છે, જેના દ્વારા ૯૦ % સુધીની ચોકસાઈ સાથે માદા બચ્ચાનો જન્મ શક્ય બન્યો છે.

**પાટણ ખાતે સ્થાપિત સિમેન સેક્સિંગ ઈન્સ્ટિટ્યૂટ**

ગુજરાત રાજ્યનાં પશુપાલન વિભાગ દ્વારા પાટણ ખાતે 'ગુજરાત બોવાઈન સિમેન સેક્સિંગ ઈન્સ્ટિટ્યૂટ' સ્થાપવામાં આવી છે. વર્ષ ૨૦૧૮-૧૯ માં ૮ લાખ સેક્સ્ડ સિમેન ડોઝના ઉત્પાદન માટેનાં પ્રોજેક્ટને ભારત સરકારે મંજૂરી આપી હતી, જેમાં ૬૦ % કેન્દ્ર સરકારનો અને ૪૦ % રાજ્ય સરકારનો હિસ્સો હતો. જૂન-૨૦૨૧ થી 'ગુજરાત બોવાઈન સિમેન સેક્સિંગ ઈન્સ્ટિટ્યૂટ' ખાતે સેક્સ્ડ સિમેન ડોઝનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું અને ફેબ્રુઆરી – ૨૦૨૬ સુધીમાં કુલ ૮ લાખ સેક્સ્ડ સિમેન ડોઝનું ઉત્પાદન પૂર્ણ થયું.

**મહત્વની સફળતા**

ફેબ્રુઆરી-૨૦૨૬ સુધી પશુપાલન ખાતાની ક્ષેત્રિય કચેરીઓ દ્વારા કુલ ૩.૪૧ લાખ ડોઝનો ઉપયોગ કરવામાં આવ્યો, જેમાંથી ૬૩,૪૩૯ પશુઓ ગાભણ થયા હતા. ગાભણ પશુઓ પૈકી ૩૭,૪૬૯ બચ્ચાઓનો જન્મ થયો હતો, જે પૈકી માત્ર ૩,૨૮૫ નર બચ્ચાઓ હતા અને બાકીનાં તમામ એટલે કે ૩૪,૧૮૪ માદા (પાડી કે વાછરડી) હતા. એટલે કે, આશરે ૯૧.૨૩ % માદા બચ્ચાનો જન્મ નોંધાયો છે, જે આ ટેકનોલોજીની સફળતા સાબિત કરે છે.

સેક્સ્ડ સિમેન (લીંગ નિર્ધારીત વિર્ય)" એક એવી ટેકનોલોજી છે, જે પશુ સંવર્ધન અને દૂધ ઉત્પાદન ક્ષેત્રમાં ક્રાંતિ લાવી રહી છે. એટલે કે, પશુપાલક જો ઈચ્છે કે, તેની ગાય કે ભેંસને માદા બચ્ચુ જ જન્મે તો એ હવે શક્ય બન્યું છે.

**સેક્સ્ડ સિમેન એટલે શું?**

કુદરતી રીતે નરના વિર્યમાં બે પ્રકારના રંગસૂત્ર ધરાવતા શુક્રાણુઓ હોય છે- "X" અને "Y".

- "રૂ" રંગસૂત્રથી નર બચ્ચાનો જન્મ થાય છે.
- "X" રંગસૂત્રથી માદા બચ્ચાનો જન્મ થાય છે.

સામાન્ય સ્થિતિમાં બંનેનું પ્રમાણ લગભગ સમાન હોવાથી નર કે માદા બચ્ચા જન્મવાની સંભાવના ૫૦-૫૦ ટકા રહે છે.

પરંતુ સેક્સ્ડ સીમેન ટેકનોલોજી દ્વારા "X" અથવા "Y" શુક્રાણુઓને વૈજ્ઞાનિક રીતે અલગ/નિષ્ક્રિય કરીને આશરે ૯૦ % સુધીની ચોકસાઈ સાથે માદા બચ્ચા પ્રાપ્ત કરી શકાય તે મુજબના ફ્રોઝન સીમેન ડોઝ બનાવવામાં આવે છે. ખાસ કરીને માદા બચ્ચાનો જન્મ વધારવા માટે આ તકનિક અત્યંત ઉપયોગી છે.

**આખલા/પાડા / બળદમાંથી મુક્તિ, આવક વધી**

સેક્સ્ડ સિમેનનાં ઉપયોગથી મુખ્યત્વે માદા બચ્ચાનો જન્મ થાય છે, જેના કારણે નર પાછળ ખાણ-દાણ અને ઘાસચારાનો ખર્ચ કરવો પડતો નથી. જ્યારે માદા જન્મે એટલે થોડા જ વર્ષોમાં દૂધ ઉત્પાદન વધે છે. આ ઉપરાંત, બહારથી નવી ગાય કે ભેંસ ખરીવદવાની જરૂર પડતી નથી. જેના કારણે રોગચાળો ફેલાવાનો ભય ઓછો થાય છે.

પશુપાલક વધારાની વાછરડીઓ વેચીને પણ આવક પણ મેળવી શકે છે. આ ટેકનોલોજીથી પશુ ઓલાદ સુધારણા ઝડપી થાય છે.

ઉપરાંત પશુ સંવર્ધન ક્ષેત્રની આધુનિક પ્રજનન તકનીકો જેવી કે પ્રોજેની ટેસ્ટીંગ (P.T.), એમ્બ્રીયો ટ્રાન્સફર (E.T.) અને ઈન વિટ્રો ફર્ટિલાઈઝેશન (I.V.F.) કાર્યક્મોની કાર્યક્ષમતામાં પણ વધારો થયો છે.

**પશુપાલકો માટે સરકારે ડોઝનો ભાવ ઘટાડ્યો**

રાજ્ય સરકારને સેક્સ્ડ સિમેન ડોઝનો ઉત્પાદન ખર્ચ રૂ. ૭૧૦/- પ્રતિ ડોઝ હતો જેની સામે પશુપાલકોને આ અધ્યતન ટેકનોલોજીનો લાભ મળે તે માટે પશુપાલકો પાસેથી પ્રતિ ડોઝ રૂ. ૩૦૦ લેવામાં આવતો હતો જેને વધુ ઘટાડી હવે માત્ર રૂ. ૫૦ પ્રતિ ડોઝ કરવામાં આવ્યો છે.

પશુપાલકો હવે પશુપાલન ખાતાની ક્ષેત્રિય કચેરીઓ મારફતે માત્ર રૂ. ૫૦ પ્રતિ ડોઝ ચૂકવી પોતાના પશુઓમાં સેક્સ્ડ સિમેનથી કૃત્રિમ બીજદાનની સેવાઓ મેળવી શકે છે.

રાજ્યના દૂધ સંઘો દ્વારા પણ સેક્સ્ડ સિમેન ડોઝનું ઉત્પાદન કરી નજીવી કિંમતે પશુપાલકોને કૃત્રિમ બીજાદાનની સેવાઓ આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન ગુજરાતનાં વિવિધ દૂધ સંઘો દ્વારા ૭.૦૯ લાખ સેક્સ્ડ ફ્રોઝન સિમેન ડોઝનું ઉત્પાદન કરી સભાસદ પશુપાલકોના પશુઓમાં ૩.૩૫ લાખ બીજદાન કર્યું છે. આ પૈકી ૫૨,૨૪૬ પશુઓ ગાભણ થયા હતા. ગાભણ પશુઓ પૈકી ૩૦, ૭૧૯ વિયાણ થયા હતા. જેમાંથી ૨૪,૯૬૮ જેટલા એટલે કે ૮૧ % માદા બચ્ચાઓનો જન્મ થયો હતો.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# આગામી ૭ દિવસ ઘણા રાજ્યોમાં તૂટી પડશે વરસાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જો તમે આગામી દિવસોમાં ક્યાંય બહાર જવાનો પ્લાન બનાવી રહ્યા છો, તો પહેલા હવામાનનો આ તાજો અહેવાલ જરૂર વાંચી લેજો. હવામાન વિભાગે દેશભરમાં ભારે વરસાદ અને વાવાઝોડાની મોટી ચેતવણી જારી કરી છે. અત્યારે દેશમાં એકસાથે ૬ ચક્રવાતી સિસ્ટમ (સાયક્લોનિક સર્ક્યુલેશન) સક્રિય થઈ છે અને સાથે જ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની પણ મોટી અસર જોવા મળી રહી છે. આ તમામ પરિબળો ભેગા થવાથી ઉત્તર, ઉત્તર-પૂર્વ અને દક્ષિણ ભારતના અનેક રાજ્યોમાં આગામી ૭ દિવસ સુધી હવામાન ખૂબ જ ખરાબ રહેવાની શક્યતા છે. આ દરમિયાન અનેક વિસ્તારોમાં ભારે વરસાદ, કરા પડવા, ધૂળની ડમરીઓ ઉડવી અને તોફાની પવન ફૂંકાવાની આગાહી કરવામાં આવી છે. ચાલો વિગતે જાણીએ કયા રાજ્યમાં કેવું રહેશે વાતાવરણ. પહાડી વિસ્તારોની વાત કરીએ તો જમ્મુ-કાશ્મીરમાં ૩ થી ૫ મે દરમિયાન વરસાદ, હિમવર્ષા અને ભારે પવન ફૂંકાવાની શક્યતા છે. હિમાચલ પ્રદેશમાં ૩ થી ૭ મે અને ઉત્તરાખંડમાં ૩ થી ૮ મે સુધી વાવાઝોડા સાથે ભારે પવન ફૂંકાઈ શકે છે. દિલ્હી-એનસીઆર, પંજાબ, હરિયાણા અને ચંદીગઢના લોકો માટે પણ ૩ અને ૬ મેના રોજ વરસાદ અને ભારે પવનની ચેતવણી આપવામાં આવી છે. જ્યારે રાજસ્થાનમાં ૪ મેના રોજ ધૂળની આંધી અને ભયંકર વાવાઝોડું આવી શકે છે, તથા ૩, ૫, ૬ અને ૭ મેના રોજ વરસાદની પૂરી શક્યતા છે. આ ઉપરાંત, ઉત્તર પ્રદેશના અલગ અલગ વિસ્તારોમાં ૩ થી ૭ મે સુધી વરસાદ અને વાવાઝોડાનો માહોલ યથાવત્ રહેશે. પૂર્વોત્તર રાજ્યોમાં મેઘરાજા મહેરબાન નહીં, પણ કહેર બનીને વરસી શકે છે. અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલય જેવા રાજ્યોમાં ૩ થી ૫ મે દરમિયાન ભારે વરસાદનું એલર્ટ અપાયું છે. આ જ સમયગાળામાં નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ રોકાયા વગર સતત વરસાદ પડતો રહેશે. પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ૬ અને ૭ મેના રોજ વરસાદ ખાબકી શકે છે, જ્યારે બિહાર અને ઓડિશામાં ૩ મેના રોજ વરસાદ અને વાવાઝોડાની શક્યતા દર્શાવવામાં આવી છે. મધ્ય ભારત પર નજર કરીએ તો, છત્તીસગઢ, વિદર્ભ અને મધ્યપ્રદેશમાં આગામી ૫ દિવસ માટે વાવાઝોડા અને ભારે પવન ફૂંકાવાની આગાહી કરવામાં આવી છે. તો બીજી તરફ દક્ષિણ ભારતમાં પણ શાંતિ નથી; તમિલનાડુ, પુડુચેરી, કેરળ અને આંધ્રપ્રદેશના વિસ્તારોમાં આખું અઠવાડિયું વરસાદ અને પવનનો દોર ચાલુ રહેશે.આ વરસાદી અને તોફાની માહોલ વચ્ચે તાપમાનમાં પણ મોટા ફેરફારો જોવા મળશે. પશ્ચિમ હિમાલય ક્ષેત્ર અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં ૫ મે સુધી તાપમાનમાં ઘટાડો નોંધાઈ શકે છે, જેથી લોકોને કાળઝાળ ગરમીમાંથી થોડા દિવસ માટે રાહત મળશે. પરંતુ, ૫ મે પછી ફરી એકવાર તાપમાનનો પારો ઊંચે જવાની શરૂઆત થશે અને ગરમી પાછી ફરશે.

### કંપનીએ નુકસાનને મુખ્ય કારણ ગણાવ્યું છે

# સુરત ઈંટરનેશનલ એરપોર્ટ પર હવે બેંગકોકની ફ્લાઈટ પણ બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત એરપોર્ટ, જેને આંતરરાષ્ટ્રીય એરપોર્ટનો દરજ્જો મળ્યો છે, પરંતુ હાલની પરિસ્થિતિ જોતા તે માત્ર નામ પૂરતું જ રહી ગયું છે. તાજેતરમાં **Air India Express** દ્વારા સુરતથી બેંગકોક જતી સીધી ફ્લાઈટ બંધ કરવામાં આવી છે. કંપનીએ આ નિર્ણય પાછળ નુકસાનને મુખ્ય કારણ ગણાવ્યું છે.

માર્ચ ૨૦૨૬માં સુરત-બેંગકોક રૂટ પર ૭ હજારથી વધુ મુસાફરોએ મુસાફરી કરી હોવા છતાં, ફ્લાઈટ બંધ થવાથી મુસાફરોમાં નિરાશા ફેલાઈ છે. ખાસ કરીને ઉનાળા વેકેશનના સમયમાં, જ્યારે પ્રવાસીઓ માટે આંતરરાષ્ટ્રીય પ્રવાસની માંગ વધે છે, ત્યારે સુરતમાંથી એક પણ સીધી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ ઉપલબ્ધ નથી. બીજી તરફ, મધ્ય પૂર્વમાં ચાલી રહેલી પરિસ્થિતિને કારણે દુબઈ અને શારજાહ માટેની ફ્લાઈટ્સ પણ હાલ સ્થગિત કરવામાં આવી છે. આ કારણે સુરત એરપોર્ટની આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી પર મોટો પ્રભાવ પડ્યો છે. હાલમાં સુરત એરપોર્ટ પરથી કુલ ૨૨ ડોમેસ્ટિક ફ્લાઈટ્સ કાર્યરત છે, જે દેશના વિવિધ શહેરો સાથે જોડાણ જાળવી રાખે છે. પરંતુ આંતરરાષ્ટ્રીય સેવાઓના અભાવે વેપાર, પ્રવાસન અને મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ પરિસ્થિતિમાં, સુરત એરપોર્ટને ફરીથી આંતરરાષ્ટ્રીય સ્તરે સક્રિય બનાવવા માટે સત્તાધીશો અને એરલાઈન્સ દ્વારા યોગ્ય પગલાં લેવાય તેવી જરૂરિયાત છે.

### શું પાર્ટીનો આ નિર્ણય નવો રાજકીય વળાંક લેશે?

# ગુજરાત ભાજપનું મુસ્લિમ કાર્ડ : ૨૭૭ મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે મુસ્લિમ ઉમેદવારોને મોટી સંખ્યામાં ટિકિટ આપીને નવો રાજકીય પ્રયોગ કર્યો છે. ભાજપે કુલ ૨૭૭ મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપી હતી, જેમાંથી ૧૫૯ ઉમેદવારોને હારનો સામનો કરવો પડ્યો હતો. આ પરિણામ બતાવે છે કે, પાર્ટીને આ પ્રયોગમાં આંશિક સફળતા મળી છે. પરંતુ હજી પણ પાર્ટીને અનેક વિસ્તારોમાં સુધારો કરવાની જરૂર છે. કચ્છ, ગીર, સોમનાથ અને ખેડા જેવા વિસ્તારોમાં સારું પ્રદર્શન રહ્યું. જ્યારે કે, વડોદરા, જામનગરમા હારનો સામનો કરવો પડ્યો. આ પ્રયોગને ભાજપની નવી રણનીતિના રૂપમાં જોઈ શકાય છે. જે ભવિષ્યની રાજનીતિ પર પ્રભાવ પાડી શકે છે.

ગુજરાતની રાજનીતિ લાંબા સમયથી એક પેટર્ન પર ચાલી રહી છે. પરંતુ હાલના સ્થાનિક ચૂંટણીમાં ભાજપે પોતાની પેટર્ન બદલીને નવા સંકેત આપ્યા છે.

ભાજપાએ જે રીતે મુસ્લિમ ઉમેદવારોને મોટી સંખ્યામાં ટિકિટ આપી છે, તે માત્ર ચૂંટણી રણનીતિ જ નથી, પરંતુ એક મોટો રાજકીય સંદેશ પણ માની શકાય છે. સૌનો સાથ સૌનો વિકાસનો નારો હંમેશા સાંભળવા મળે છે, પરંતુ આ વખતે તેને જમીન પર લાગુ કરવાનો પ્રયાસ થયો હોય તેવું જોવા મળ્યું છે. સવાલ છે કે, પ્રયોગ માત્ર આંકડા સુધી સિમિત છે, કે વાસ્તવમાં સામાજિક અને રાજકીય સમીકરણોને બદલવાના દિશામાં એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. ૨૭૭ ઉમેદવારોમાંથી ૧૧૮ ઉમેદવારોની જીત એક સફળતાનો સંકેત આપે છે, પરંતુ ૧૫૯ ઉમેદવારોની હાર પણ બતાવે છે, જીત એટલી પણ સરળ નથી. આ પ્રયોગ ખાસ છે કે, કારણ કે ગુજરાત જેવા રાજયોમાં જ્યાં ઓળખની રાજનીતિ લાંબા સમય સુધી પ્રભાવી રહી છે. તયાં આ પ્રકારનો બદલાવ મોટો માનવામા આવે છે. ગુજરાતમાં ભાજપે મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપીને એક નવું સામાજિક સમીકરણ બનાવવાનો પ્રયાસ કર્યો છે. જેના પરિણામ ખાસ સારા છે, અને ન પણ કહી શકાય. પંરતું એટલું નક્કી છે કે, પાર્ટી હવે એક નવી વોટ બેંક અને નવા સામાજિક આધાર પર ભાર મૂકી રહી છે. આ રણનીતિની અસર આગામી મોટી ચૂંટણીઓમાં જોવા મળી શકે છે. રાજકીય એક્સપર્ટના અનુસાર, ભાજપની આ નવી દિશે ભવિષ્યની રાજનીતિના સંકેત આપે છે.

ભાજપને આ ચૂંટણીમાં મુસ્લિમ સમુદાયમાંથી ૨૭૭ ઉમેદવારોને મેદાનમા ઉતાર્યા હતા. જેમાંથી ૧૧૮ ઉમેદવારોએ જીત હાંસિલ કરી છે. આંકડા જણાવે છે કે, પાર્ટીને થોડી સફળતા મળી છે. પંરતું ૧૫૯ ઉમેદવારોની હાર એ પણ દર્શાવે છે કે, રણનીતિ હજી પરિપક્વ બની નથી. જિલ્લાવાર પરિણામો પર નજર કરીએ તો કચ્છ, ગીર સોમનાથ જેવા જિલ્લાઓમાં ભાજપને સારી સફળતા હાથ લાગી છે. કચ્છમાં ૨૦ મુસ્લિમ ઉમેદવારોને જીત મળી છે. તો ગીર સોમનાથમાં જીતનું કારણ સંતુલિત રહ્યું છે. ખેડા અને આણઁદમાં પણ પાર્ટીના મુસ્લિમ ઉમેદવારોએ સારી પકડ બનાવી રાખી. જોકે, આણંદમાં હારના આંકડા વધુ રહ્યા, જેને કારણે સંતુલન બગડ્યું છે.

શહેરી વિસ્તારોની વાત કરીએ તે, અમદાવાદ, સુરત, રાજકોટમા પણ ભાજપને થોડી સફળતા મળી છે. અમદાવાદમાં ૭ ઉમેદવારોની જીત અને ૮ ની હાર, સુરતમાં ૪ ઉમેદવારોની જીત અને ૭ હાર, રાજકોટમાં ૩ ઉમેદવારોની જીત થઈ છે. વડોદરા અને જામનગરમાં હારનો આંકડો વધુ રહ્યો છે. જે પાર્ટી માટે ચિંતાનો વિષય બન્યો છ.

ભાજપનો આ પ્રયોગ એવા સંકેત આપે છે કે, પાર્ટી હજી પારંપરિક રાજનીતિથી આગળ વધીને નવા સામાજિક સમીકરણ બનાવવાનો પ્રયાસ કરી રહી છે. મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપવી અને તેમને જીતાડવાવાનો પ્રયાસ કરવો દર્શાવે છે કે, પાર્ટી પોતાના આધારને વિસ્તાર આપવા માંગે છે.

### એક વિકેટ લેતા જ સુનીલ નરેનનો મોટો વિક્રમ

# સુનીલ નરેન IPLમાં ૨૦૦ વિકેટ લેનાર પ્રથમ વિદેશી બોલર બની ગયો



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુનીલ નરેને IPL (ઇન્ડિયન પ્રીમિયર લીગ)માં વધુ એક મોટો વિક્રમ પોતાના નામે કર્યો છે. કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)ના આ દિગ્ગજ સ્પિનરે આજે ૩ મે (રવિવાર)ના રોજ સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) સામેની મેચમાં સલિલ અરોરાને આઉટ કરીને ઈતિહાસ રચી દીધો છે. સુનીલ નરેન IPLમાં ૨૦૦ વિકેટ લેનાર પ્રથમ વિદેશી બોલર બની ગયો છે. એકંદરે આ લીગમાં ૨૦૦ વિકેટ લેનાર તે ત્રીજો બોલર છે. તેના પહેલા આ સિદ્ધિ યુઝવેન્દ્ર ચહલ (૨૨૮ વિકેટ) અને ભુવનેશ્વર કુમાર (૨૧૫ વિકેટ) મેળવી ચૂક્યા છે. નરેને આ સિદ્ધિ હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં હાંસલ કરી હતી.

તેણે આ મેચમાં ૪ ઓવરમાં ૩૧ રન આપીને ૨ વિકેટ લીધી હતી. ૨૦૧૨થી સતત KKR માટે રમી રહેલો નરેન IPLના ઈતિહાસમાં એક જ ટીમ માટે ૨૦૦ વિકેટ લેનાર પ્રથમ બોલર પણ બની ગયો છે. તેણે અત્યાર સુધી ૧૯૭ આઈપીએલ મેચોમાં ૨૦૧ વિકેટ ઝડપી છે અને તેની સરેરાશ ૨૫.૫૩ રહી છે.

સુનીલ નરેનની સૌથી મોટી તાકાત તેની કરકસરયુક્ત બોલિંગ રહી છે. IPLમાં તેનો ઈકોનોમી રેટ ૬.૭૯ છે, જે તેને લીગના સૌથી શ્રેષ્ઠ બોલરોમાં સામેલ કરે છે.

તે IPL ઈતિહાસનો એકમાત્ર એવો બોલર છે, જેણે ૧૦૦ થી વધુ વિકેટ ૭ કરતા ઓછા ઈકોનોમી રેટ સાથે લીધી છે.

આ ઉપરાંત, નરેનના નામે IPLમાં ૮ વખત ચાર કે તેથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ છે, જેમાં એક ફાઈવ વિકેટ હોલ અને એક હેટ્રિક પણ સામેલ છે. છતાં પણ આ મામલે તે માત્ર યુઝવેન્દ્ર ચહલથી પાછળ છે.

સુનીલ નરેન માત્ર બોલથી જ નહીં, બેટથી પણ કમાલ કરી ચૂક્યો છે. તેણે IPLમાં ૧૮૦૦થી વધુ રન બનાવ્યા છે, જેમાં તેનો સ્ટ્રાઈક રેટ લગભગ ૧૬૫ રહ્યો છે. તે IPL ઈતિહાસનો પ્રથમ એવો ખેલાડી છે, જેણે ૧૦૦૦ રન અને ૨૦૦ વિકેટનો ડબલ (બેવડી સિદ્ધિ) પૂર્ણ કર્યો છે. ટી૨૦ ક્રિકેટમાં પણ તેનો રેકોર્ડ શાનદાર છે.

સુનીલ નરેને ૫૯૧ ટી૨૦ મેચોમાં ૬૨૨ વિકેટ લીધી છે. આ ફોર્મેટમાં તેના કરતા વધુ વિકેટ માત્ર રાશિદ ખાન (૭૧૨) અને ડ્વેન બ્રાવો (૬૩૧)ના નામે છે. આ સિઝનમાં પણ સુનીલ નરેન શાનદાર લયમાં જોવા મળી રહ્યો છે. તેણે અત્યાર સુધી ૮ મેચમાં ૭ વિકેટ લીધી છે અને તેનો ઈકોનોમી રેટ ૬.૮૦ છે.

# કેનેડામાં કપિલ શર્માના કેફે પાસે ચોથી વખત ફાયરિંગ




(સંપૂર્ણ સમાચાર સેવા)કેનેડા

જાણીતા કોમેડિયન કપિલ શર્મા એકવાર ફરી મુશ્કેલીમાં મુકાયા છે. કેનેડા સ્થિત તેમના કેપ્સ કેફેની બાજુમાં આવેલા એક રેસ્ટોરન્ટ પર અંધાધૂંધ ફાયરિંગની ઘટના બની છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા દાવા મુજબ, આ હુમલાની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ ગેંગે લીધી છે અને કપિલ શર્માને સીધી રીતે જાનથી મારી નાખવાની ધમકી આપી છે.

ટાયસન બિશ્નોઈ જોરા સિદ્ધુ નામના ફેસબુક એકાઉન્ટ પરથી એક પોસ્ટ વાયરલ થઈ રહી છે. આ પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ફાયરિંગ સરેના ચાય સુટ્ટા બાર પર કરવામાં આવ્યું હતું, જે કપિલ શર્માના કેફેની બિલકુલ બાજુમાં છે. ગેંગે આ પોસ્ટ દ્વારા કપિલ શર્મા અને કેફેના માલિકને ચેતવણી આપતા કહ્યું છે કે, "અમારો સમય બગાડશો નહીં અને લાઈનમાં આવી જાવ." વધુમાં ધમકી આપી છે કે જો શરતો નહીં મનાય તો કપિલ શર્માના કેફે અને મુંબઈ સ્થિત તેમના ઘરની હાલત પણ આવી જ કરવામાં આવશે. જોકે, તપાસ એજન્સીઓ દ્વારા આ પોસ્ટ અંગે પુષ્ટિ કરવામાં આવી નથી.

કપિલ શર્માના કેફે પર હુમલાનો આ કોઈ પહેલો કિસ્સો નથી. વર્ષ ૨૦૨૫ માં પણ ત્રણ વાર હુમલા થઈ ચૂક્યા છે:

૧૦ જુલાઈ ૨૦૨૫: કેફેના ઉદ્ઘાટનના થોડા જ દિવસોમાં બારીઓ પર ગોળીબાર થયો.

૭ ઓગસ્ટ ૨૦૨૫: એક જ મહિનામાં બીજી વાર અનેક રાઉન્ડ ફાયરિંગ થયું.

૧૫-૧૬ ઓક્ટોબર ૨૦૨૫: ત્રીજી વાર કેફેને નિશાન બનાવાયું, જેની જવાબદારી બિશ્નોઈ નેટવર્કે લીધી હતી.

### જર્મની પ્રત્યે ડોનાલ્ડ ટ્રમ્પનું વલણ કડક

# જર્મનીમાં તૈનાત અમેરિકી સૈનિકોની સંખ્યા ઘટાડાશે

### યુરોપિયન કાર પર ૨૫% ટેરિફ લાદવાની પણ જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

જર્મની પ્રત્યે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું વલણ ફરી એકવાર કડક બન્યું હોય તેવું લાગે છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું છે કે જર્મનીમાં તૈનાત અમેરિકી સૈનિકોની સંખ્યા ઘટાડવામાં આવશે. બીજા શબ્દોમાં કહીએ તો ૫,૦૦૦ સૈનિકોને પાછા બોલાવવાની જાહેરાત કરી છે, જે આગામી સમયમાં સંખ્યા વધી શકે છે. આ પહેલા ટ્રમ્પે યુરોપિયન યુનિયનમાંથી આયાત થતી કાર અને ટ્રક પર ૨૫% ટેરિફ લાદવાની યોજના પણ જાહેર કરી હતી, આ પગલાની જર્મની પર ખાસ અસર થવાની ધારણા છે. મૂળભૂત રીતે ટ્રમ્પની નારાજગીનું મૂળ કારણ ટ્રેડ ડીલનું યોગ્ય રીતે પાલન કરવામાં નિષ્ફળતામાં રહેલું છે. સમાચાર એજન્સી એપી અનુસાર, તેમણે ખુલ્લેઆમ ભારપૂર્વક જણાવ્યું છે કે યુરોપિયન યુનિયન તેની પ્રતિબદ્ધતાઓનું પાલન કરવામાં નિષ્ફળ ગયું છે, પરિણામે હવે આવતા અઠવાડિયાથી ત્યાં ઉત્પાદિત કાર અને ટ્રક પર ૨૫% ટેક્સ લાદવામાં આવશે. જર્મની જે તેના ઓટોમોટિવ ઉત્પાદન ઉદ્યોગ માટે જાણીતો દેશ છે, માટે આ નિર્ણયને એક મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે. આ મુદ્દો મૂળ ફ્લોરિડામાં સામે આવ્યો હતો, જ્યાં પત્રકારોના પ્રશ્નોના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે ૫૦૦૦નો આંકડો ખરેખર ખૂબ જ નાનો છે, અમે તેનાથી ઘણા વધુ સૈનિકો પાછા બોલાવવાનો ઈરાદો ધરાવીએ છીએ અને અમારી લશ્કરી હાજરીમાં મોટો ઘટાડો લાગુ કરીશું. આશ્ચર્યજનક રીતે, પેન્ટાગોને પોતે અગાઉ ફક્ત ૫૦૦૦ સૈનિકો પાછા ખેંચવાની વાત કરી હતી. જોકે, ટ્રમ્પના તાજેતરના નિવેદને દરેકને તેના પરિણામો વિશે વિચારવા માટે મજબૂર કરી દીધા છે. યુનાઈટેડ સ્ટેટ્સમાં પણ આ નિર્ણયનો વિરોધ શરૂ થઈ રહ્યો છે. ઘણા અગ્રણી નેતાઓ માને છે કે જો યુએસ સૈનિકો જર્મનીમાંથી પાછા જાય છે, તો તે રશિયન રાષ્ટ્રપતિ પુતિનને તેમની શક્તિ પ્રદર્શિત કરવાની ખુલ્લી તક પૂરી પાડશે. ખાસ કરીને એવા સમયે જ્યારે યુક્રેન અને રશિયા વચ્ચેનો સંઘર્ષ તેના પાંચ વર્ષના ચિહ્નની નજીક છે. જર્મનીના સંરક્ષણ પ્રધાન બોરિસ પિસ્ટોરિયસે, આ બાબતે ખૂબ જ માપદંડથી પ્રતિક્રિયા આપી છે. તેમણે નોંધ્યું કે ટ્રમ્પ વર્ષોથી સૈનિકો પાછા ખેંચવાની વાત કરી રહ્યા છે, તેથી આ કંઈ નવું નથી. તેમનું માનવું છે કે યુરોપિયન રાષ્ટ્રોએ હવે પોતાની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આગળ વધવું જોઈએ અને તેની સંપૂર્ણ જવાબદારી પોતે લેવી જોઈએ. જો કે, તેમણે એ પણ નિર્દેશ કર્યો કે જર્મનીમાં અમેરિકન સૈનિકોની હાજરી ફક્ત આપણા હિતોને જ નહીં પરંતુ યુનાઈટેડ સ્ટેટ્સના હિતોને પણ પૂર્ણ કરે છે.

# અશ્વિન બીબીએલમાં રમનાર પ્રથમ ભારતીય ખેલાડી બની શકે છે



(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

રવિચંદ્રન અશ્વિને ૨૦૨૪ ના અંતમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી, ત્યારે બધાને અપેક્ષા હતી કે તે આગામી થોડા વર્ષો સુધી આઈપીએલમાં રમતા જોવા મળશે. જોકે, ૨૦૨૫ ની આઈપીએલ સીઝન અશ્વિન માટે અપેક્ષા મુજબ બિલકુલ નહોતી, ત્યારબાદ આગામી સીઝન પહેલા તેને ચેન્નાઈ સુપર કિંગ્સ ટીમમાંથી મુક્ત કરવામાં આવ્યાના અહેવાલો આવ્યા હતા. અશ્વિને આઈપીએલમાંથી નિવૃત્તિની જાહેરાત કરીને આ બધા અહેવાલોનો અંત લાવી દીધો. તે જ સમયે, ત્યારથી, અશ્વિન વિદેશી ટી ૨૦ લીગમાં ભાગ લેવાની પણ ચર્ચા થઈ રહી છે, જેમાં ઓસ્ટ્રેલિયામાં રમાતી બિગ બેશ લીગનું નામ પણ સામેલ છે.

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના ટોડ ગ્રીનબર્ગે ક્રિકબઝને તેમના નિવેદનમાં જણાવ્યું હતું કે રવિચંદ્રન અશ્વિન જેવા અનુભવી ખેલાડીને બિગ બેશ લીગમાં લાવવું ઘણી રીતે અમારા માટે ખાસ હોઈ શકે છે. અશ્વિને નિવૃત્તિની જાહેરાત કર્યા પછી વિદેશી લીગમાં રમવાનો સંકેત આપ્યો હતો. તે એક ચેમ્પિયન ખેલાડી છે જેનું બીબીએલમાં રમવાથી આ લીગનો રોમાંચ વધુ વધશે. જો અશ્વિન બિગ બેશ લીગમાં રમે છે, તો તે આ ટી ૨૦ લીગમાં ભાગ લેનાર પ્રથમ ભારતીય ખેલાડી બનશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના સીઈઓ અશ્વિનને બીબીએલમાં રમવા માટે નવી રીતો શોધી રહ્યા છે, જેના માટે તેઓ ક્લબ અને હિસ્સેદારો સાથે પણ ચર્ચા કરી રહ્યા છે. ડેવિડ વોર્નરને બીબીએલમાં દરેક મેચ રમવા માટે લગભગ ૮૦૦૦૦ ઓસ્ટ્રેલિયન ડોલર મળે છે. તે જ સમયે, ક્રિકેટ ઓસ્ટ્રેલિયા આ ટી ૨૦ લીગમાં અશ્વિનને રમવા માટે એ જ ફોર્મ્યુલા અપનાવી શકે છે, જેમાં તેને દરેક મેચ માટે મોટી રકમ પણ મળી શકે છે. તમને જણાવી દઈએ કે અશ્વિનને ટી ૨૦ ક્રિકેટ રમવાનો ઘણો અનુભવ છે, જેમાં તેણે આઈપીએલની ૧૭ સીઝનમાં ૨૨૧ મેચ રમી છે અને તેમાં ૧૮૭ વિકેટ લીધી છે.

# રશ્મિકા પહેલી અભિનેત્રી બની ગઈ જેમની ત્રણ ફિલ્મો ૫૦૦ કરોડથી વધુ કમાણી કરી



(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

આલિયા ભટ્ટ, દીપિકા પાદુકોણ અને પ્રિયંકા ચોપરા જેવી અભિનેત્રીઓ બોલિવૂડની ટોચની અભિનેત્રીઓ છે, જેમણે ઘણી બધી સફળ ફિલ્મો આપી છે. પરંતુ શું તમે તે અભિનેત્રીનું નામ જાણો છો જેણે સતત ત્રણ બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે? બોક્સ ઓફિસ પર ૫૦૦ કરોડથી વધુ કમાણી કરનારી ફિલ્મો? "નેશનલ ક્રશ" તરીકે જાણીતી આ અભિનેત્રી બીજું કોઈ નહીં પણ રશ્મિકા મંડન્ના છે, જેમણે ત્રણ વર્ષમાં ત્રણ બ્લોકબસ્ટર ફિલ્મો આપી અને ફિલ્મ ઉદ્યોગમાં ધૂમ મચાવી દીધી.

રશ્મિકા મંડન્નાએ ૨૦૨૩ અને ૨૦૨૪ ની વચ્ચે ત્રણ બ્લોકબસ્ટર ફિલ્મો આપી, બોક્સ ઓફિસ પર ૫૦૦ કરોડથી વધુ કમાણી કરી. રશ્મિકા એવા સ્ટાર્સમાંની એક છે જેમની ફિલ્મોએ બોક્સ ઓફિસ પર ૫૦૦ કરોડ, ૭૦૦ કરોડ, ૮૦૦ કરોડ અને બોક્સ ઓફિસ પર ૧૦૦૦ કરોડથી વધુ કમાણી કરી છે.

રશ્મિકા કપૂરે ૨૦૨૩ માં રિલીઝ થયેલી "એનિમલ" ફિલ્મમાં રણબીર કપૂર સાથે અભિનય કર્યો હતો.

સંદીપ રેડ્ડી વાંગા દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ?૫૦૦ કરોડથી વધુ કમાણી કરી, જે રશ્મિકાની ૫૦૦ કરોડથી વધુ કમાણી કરનારી પ્રથમ ફિલ્મ બની. આ ફિલ્મે વિશ્વભરમાં ૯૧૫ કરોડ કલેક્શન કરીને રેકોર્ડ બનાવ્યો.

અલ્લુ અર્જુન અભિનીત "પુષ્પા ૨" એ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી. ફિલ્મના હિન્દી વર્ઝનએ ૮૧૨ કરોડથી વધુ કમાણી કરી અને ભારતમાં ૧૨૩૪ કરોડથી વધુ કમાણી કરી. વિશ્વવ્યાપી કલેક્શનની દ્રષ્ટિએ, પુષ્પા ૨ એ ૪૦૦ થી ૫૦૦ કરોડની વચ્ચે બજેટ હોવા છતાં, વિશ્વભરમાં ૧૭૪૨ કરોડથી વધુ કમાણી કરી. રશ્મિકા મંદન્નાની ત્રીજી બ્લોકબસ્ટર ફિલ્મ "છવા" હતી, જે ફેબ્રુઆરી ૨૦૨૫ માં રિલીઝ થઈ હતી. લક્ષ્મણ ઉતેકર દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મમાં વિકી કૌશલે છત્રપતિ સંભાજી મહારાજની મુખ્ય ભૂમિકા ભજવી હતી, જે તેમના કારકિર્દીની સૌથી મોટી હિટ સાબિત થઈ હતી. આ ફિલ્મે ૧૨૦ કરોડના બજેટ સામે ભારતમાં ૬૦૧ કરોડ અને વિશ્વભરમાં ૮૦૭.૯૧ કરોડની કમાણી કરી હતી. આનાથી રશ્મિકા પહેલી અભિનેત્રી બની ગઈ જેમની ત્રણ ફિલ્મો ૫૦૦ કરોડથી વધુ કમાણી કરી હતી.

### ત્રિશંકુ વિધાનસભાની આશંકાના કારણે TVK એલર્ટ

# તમિલનાડુમાં ચૂંટણી પરિણામ પહેલા જ રિસોર્ટ પોલિટિક્સ!

### પરિણામો પૂર્વે વિજયે પોતાના સંભવિત વિજેતા ધારાસભ્યોને તોડજોડની રાજનીતિથી બચાવવા માટે અત્યારથી જ રિસોર્ટ બુક કરી લીધો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ચેન્નાઈ

તમિલનાડુ વિધાનસભા ચૂંટણીના એક્ઝિટ પોલમાં ત્રિશંકુ જનાદેશની શક્યતાઓને જોતા સુપરસ્ટાર વિજયની પાર્ટી તમિલગા વેટ્રિ કઝગમ (TVK) એક્શન મોડમાં આવી ગઈ છે. ૪ મે ના રોજ જાહેર થનારા પરિણામો પૂર્વે વિજયે પોતાના સંભવિત વિજેતા ધારાસભ્યોને તોડજોડની રાજનીતિથી બચાવવા માટે અત્યારથી જ રિસોર્ટ બુક કરી લીધો છે. પાર્ટીના સૂત્રોના જણાવ્યા અનુસાર, મહાબલીપુરમ પાસે આવેલા પૂંજેરીમાં એક ખાનગી રિસોર્ટમાં વિજેતા ઉમેદવારોને રાખવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ રિસોર્ટમાં ૧૦૦ થી વધુ લોકો રહી શકે તેવી ક્ષમતા છે અને પરિણામ જાહેર થતાની સાથે જ ટીવીકેના વિજેતા ઉમેદવારોને ત્યાં ખસેડવાની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

એક્ઝિટ પોલ બાદ યોજાયેલી બેઠકમાં વિજયે મજાકિયા અંદાજમાં પણ ગંભીરતા સાથે ઉમેદવારોને સૂચના આપી છે કે જીત્યા પછી ક્યાંય જતા નહીં. તમામ વિજેતા ઉમેદવારોને જીત બાદ તાત્કાલિક પનૈયુર સ્થિત પાર્ટી હેડક્વાર્ટર પહોંચવા આદેશ અપાયો છે. ગણતરી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે કાનૂની ટીમ તૈયાર રાખવામાં આવી છે. આ ઉપરાંત, પાર્ટીના મહાસચિવ આધવ અર્જુનાએ ચૂંટણી પંચ પાસે વધારાની સુરક્ષાની માંગ પણ કરી છે. તમિલનાડુમાં આ વખતે એક્ઝિટ પોલ મિશ્ર સંકેતો આપી રહ્યા છે. કેટલાક પોલમાં ડીએમકે ગઠબંધન, તો કેટલાકમાં એઆઈએડીએમકે ગઠબંધન આગળ દેખાઈ રહ્યું છે, જ્યારે અનેક પોલ વિજયની પાર્ટી TVK ના મજબૂત પદાર્પણની આગાહી પણ કરી રહ્યા છે. બીજી તરફ, સત્તાધારી ડીએમકેએ ફરી સત્તામાં આવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. આ સંજોગોમાં તમિલનાડુમાં પરિણામો બાદ વિજય કિંગમેકરની ભુમિકામાં જોવા મળી શકે છે. જેની શક્યતાને ધ્યાને રાખીને રિસોર્ટ પોલિટિક્સ ફરી એકવાર મુખ્ય રણનીતિ બનીને ઉભરે તેવી પૂરેપૂરી શક્યતા છે.

# આઝાદી પછીનું આ દેશનું રાજકારણ ક્યાં જઈ રહ્યું છે?

(છગનલાલ મેવાડા દ્વારા) સુરત ભારત દેશ આઝાદ થયા પછી ભારતના રાજકારણે કાયરેય જેનો સામનો કર્યો ન હોય તેવા રાજ્ય પ્રેરિત જુઠાણા અને અર્ધસત્યોના એક વિસ્તારતા માહોલને ભેદવાનો અને તે રીતે લોક-જાગુતિનો આ એક પ્રયાસ છે. અહી આ લખવા પાછળનો હેતુ માત્રને માત્ર પ્રજા ને જગાડવાનો અને સાથે સાથે એમને (પ્રજા) ને એમના અધિકારોથી જે વંચિત રખાય છે એ અંગે જાણકારી આપવાનો એક માત્ર નમ્ર પ્રયાસ છે.

જ્યારે ગુજરાતના વિકાસના મોડલના ગુબ્બારામાં માત્ર ખોખલા દાવાઓ અને પ્રચાર, અસત્યો સાથે અર્ધસત્યોનો મસાલો ભરવામાં આવ્યો છે ત્યારે સરકાર બંધારણીય જોગવાઈઓને પામવા ખાતર કે દેખાડા કરવા ખાતર પામે છે તેના અનેક ઉદાહરણો છે.

કેગના અહેવાલની ચર્ચા ન થવા દેવી, વિધાનસભાના અતિ આવશ્યક એવા ટૂંકા સત્રો જ બોલાવવા, વિરોધ પક્ષોને નજીવા કારણોસર નિકાલ (બહાર) કરી દેવા, પ્રશ્નોતરી કાળમાં પણ વિપક્ષો માટે તક જ ઊભી ન થવા દેવી લોકાયુક્તની નિયુક્તિમાં ઠાગાઠૈયા કરવા, કેટલી બાબતો ગણાવીશું? તમે ગણતા થાકો, અમે લખતા કરતાં નહી થાકીએ? જે ટીકાઓથી રાજ્યતંત્રે શરમ અનુભવવી જોઈએ તે બાબતોની તેને કોઈ દરકાર પણ હોય તેમ જણાતું નથી.

આર્થિક ક્ષેત્રે પણ સરકારી તોરતરીકામાં અનેક બાબતો એવી છે કે જે માટે આવનારી પેઢીએ ભારે પીડા ભોગવવાની રહેવાની છે. સરકાર એક તરફ જે વિકાસના મોડલની વાત કરે છે તે ખરેખર તો ભારે વિનાશક તેવી અર્થવ્યવસ્થા છે.

"ગુજરાત આર્થિક સધ્ધરતાનું ચિત્ર આવક વધે અને દેવું વધે એને ગુજરાત સરકાર ગેરવહીવટને સુશાસન તરીકે ખપાવે છે.'' આ બાબતો સ્પષ્ટ કરે છી તેમ સરકાર વેટના નામે સામાન્ય જનતા ઉપર મોટા કરબોજ નાંખે છે. તેથી મોંઘવારી પણ વધે છે અને બીજી તરફ ઉદ્યોગપતિઓને પુષ્કળ કર રાહતો અપાય છે એમને મફતના ભાવે જમીનો, સસ્તું પાણી આપે છે. જ્યાં સરકારી પ્રચાર તંત્રોના અવાજમાં સત્યનો અવાજ ગુંગળાઈ કે દબાઈને ચૂપ થઈ જાય છે.

# ગંદા રાજકારણ વચ્ચે પણ માનવીય મૂલ્યોનું મહત્વ સમજાવતા અખિલેશ યાદવ

(છગનલાલ મેવાડા દ્વારા) સુરત આજનું ગંદુ રાજકારણ જે પ્રમાણે નિમ્નસ્તરે પહોંચીને નેતાઓની અસલીયતના દર્શન કરાવી રહ્યું છે ત્યારે લીમડામાં એક ડાળ મીઠી જેવુ કામ સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે કરી બતાવી રાજકારણ એની જગ્યાએ છે જ્યારે માનવીય સંબંધો એની જગ્યા એ છે એ પુરવાર કરી બતાવ્યુ છે.

ઉત્તર પ્રદેશના બહરાઈચ મા ભાજપ દ્વારા આયોજિત "મહિલા જનાક્રોશ માર્ચ" દરમિયાન ભાજપના મહિલા MLA અનુપમા જયસ્વાલ જ્યારે અખિલેશ યાદવ અને રાહુલ ગાંધીના પૂતળાને આગ ચાંપી રહ્યા હતા ત્યારે અચાનક જવાળાઓ ઉછળીને તેમના ચહેરા પર આવી હતી. આ ઘટનાનો વિડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.જેમાં પૂતળું સળગાવતા ની સાથે જ કોઈ ફટાકડા જેવો વિસ્ફોટ થયો અને આગની લપટમાં આ મહિલા ધારાસભ્ય આવી ગયા. પ્રાથમિક તપાસ મુજબ પૂતળામાં ભરાયેલી હવા અથવા વધુ પડતા ઈંધણ ને કારણે આ ભડકો થયો હોવાનું મનાય છે.

આ ઘટના બાદ અખિલેશ યાદવે લખનૌમાં દાઝી ગયેલા ભાજપના મહિલા ધારાસભ્યની મુલાકાત લીધી હતી અને તેમના ઝડપી સાજા થવાની કામના કરી હતી. આ મુલાકાત બાદ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ "X" પર તેમણે (યાદવે) લખ્યું કે, "અમે નથી ઈચ્છતા કે સમાજના લોકોમાં આગ ફાટી નીકળે. અમે ઈચ્છીએ છીએ કે સમાજમાં સૌહાર્દ નો વરસાદ વરસે. આપણા સકારાત્મક રાજકારણની સ્વસ્થ પરંપરાએ આપણને આ જ શીખવ્યું છે. રાજકારણ તેની જગ્યાએ છે અને માનવીય સંબંધોનું મહત્વ તેની પોતાની જગ્યાએ છે. અખિલેશ યાદવના આ માનવીય અભિગમે કટ્ટર રાજકીય હરીફાઈ વચ્ચે પણ સંવેદનશીલતાનું ઉદાહરણ પૂરું પાડયુ છે. જેની સોશિયલ મીડિયા પર પ્રશંસા થઈ રહી છે. યાદવે અગાઉ પણ લોકોને વિરોધ પ્રદર્શન દરમિયાન સાવચેતી રાખવા અને આગ જેવી જોખમી વસ્તુઓથી દૂર રહેવા અપીલ કરી હતી.

ભાજપ મહિલા MLA અનુપમા જયસ્વાલના કપાળના ભાગે સામાન્ય દાઝ્યાના નિશાન છે. જે લગભગ ૪ ટકા જેટલી ઈજા છે. તેમની આંખો સુરક્ષિત છે. અને હાલ તેમની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. અને તેઓ જલ્દી સાજા થઈ જશે એમ પણ જાણવા મળેલું છે.

### વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત @ ૨૦૪૭'ના વિઝનને સાકાર કરવા ગુજરાત સજ્જ

# ગુજરાતમાં લેન્ડ ગવર્નન્સના સુદ્રઢિકરણ માટે મહેસૂલ વિભાગ દ્વારા 'ચિંતન શિબિર-૨૦૨૬'નું આયોજન કરાયુંઃ મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિ

### આગામી તા. ૫ થી ૭ મે, ૨૦૨૬ દરમિયાન અડાલજ-ત્રિમંદિર ખાતે ત્રિ-દિવસીય શિબિરમાં રાજ્યનું મહેસૂલી તંત્ર મનોમંથન કરશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આગામી તા. ૫ થી ૭ મે, ૨૦૨૬ દરમિયાન અડાલજ સ્થિત ત્રિમંદિર ખાતે ગુજરાત સરકારના મહેસૂલ વિભાગની ત્રિ-દિવસીય 'ચિંતન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. "વિઝન ૨૦૩૦: ગુજરાતમાં લેન્ડ ગવર્નન્સનું ભવિષ્ય" જેવી મહત્વકાંક્ષી થીમ પર આધારિત આ ચિંતન શિબિરમાં રાજ્યના વહીવટી માળખાને વધુ સુદ્રઢ બનાવવાની દિશામાં મનોમંથન કરવામાં આવશે.

મહેસૂલ વિભાગની ચિંતન શિબિરમાં રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી, મહેસૂલ રાજ્ય મંત્રી શ્રી સંજયસિંહ મહિડા સહિત વરિષ્ઠ સચિવશ્રીઓ, અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા વિષય તજજ્ઞો વિશેષ રીતે ઉપસ્થિત રહીને માર્ગદર્શન પૂરું પાડશે.

મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિએ આ સંદર્ભે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "વિકસિત ભારત @ ૨૦૪૭"ના વિઝનને પરિપૂર્ણ કરવામાં ગુજરાત સૌથી મહત્વપૂર્ણ અને અગ્રીમ ભૂમિકા ભજવશે. એટલા માટે જ, મુખ્યમંત્રીશ્રી એ "વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત"નો કાર્યમંત્ર આપ્યો છે.ગુજરાતને વિકસિત રાજ્ય બનાવવા માટે મહેસૂલ વિભાગનો રોડમેપ તૈયાર કરવામાં આ ચિંતન અગત્યની પૂરવાર થશે.

મહેસૂલ રાજ્ય મંત્રી શ્રી મહિડાના દિશાનિર્દેશ હેઠળ આયોજિત આ શિબિરમાં મહેસૂલ વિભાગની વર્તમાન નીતિઓની સમીક્ષા અને વહીવટી પ્રક્રિયા પારદર્શક બનાવવા માટે વહીવટી અડચણોને દૂર કરવાની દિશામાં ચિંતન કરવામાં આવશે. ડિજિટલ ગવર્નન્સ દ્વારા નાગરિકોને અપાતી સેવાઓમાં વધુ પારદર્શિતા અને ઝડપ લાવવા પર ભાર મૂકવામાં આવશે. જમીન વહીવટમાં નવીન ટેકનોલોજીનો ઉપયોગ કરીને જાહેર વિશ્વાસ વધારવા માટે ચિંતન શિબિર એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ સાબિત થશે, તેમ તેમણે જણાવ્યું હતું.

ચિંતન શિબિર દરમિયાન વિવિધ મહત્વના વિષયો જેવા કે પેપરલેસ પ્રોપર્ટી રજીસ્ટ્રેશન, ઓનલાઈન કોર્ટ કેસ મેનેજમેન્ટ સિસ્ટમ, જનસેવામાં પારદર્શિતા અને જવાબદારી વધારવા માટેના પ્રયાસો, આવક રેકર્ડના ડિજિટાઈજેશન અને અપડેશન વગેરે ઉપર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત, જમીન માપણી (Survey/Re-survey) અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ જેવી બાબતોમાં આધુનિક વ્યૂહરચનાઓ ઘડવામાં આવશે. ચિંતન શિબિરમાં જિલ્લા કલેકટરો, પ્રાંત અધિકારીઓ સહિતના ક્ષેત્રિય અધિકારીઓ સહિત ISRO, BISAG-N, IIT, IIM, IGNOU, Survey of India સહિતના નિષ્ણાતો પણ સહભાગી થશે અને વિવિધ વિષયો પર ગ્રુપ ડિસ્કશન, કેસ સ્ટડીઝ અને નિષ્ણાતોના વ્યાખ્યાનો દ્વારા જ્ઞાનનું આદાન-પ્રદાન કરવામાં આવશે. વિભાગ માટે જરૂરી વહીવટી સુધારાઓ માટે અન્ય રાજ્યોના પ્રતિનિધિઓ અને કાયદાકીય નિષ્ણાતો સાથે પણ પરામર્શ કરી શ્રેષ્ઠ પદ્ધતિઓ અપનાવવામાં આવશે.

મહેસૂલ વિભાગ દ્વારા અગાઉ યોજાયેલ એક્શન સેમિનારમાં થયેલ ચર્ચાના વ્હાઈટ પેપર્સ અને તેના ઉપર થયેલ કાર્યવાહીની પણ ચર્ચા વિચારણા કરીને આ ચિંતન શિબિરના અંતે મહેસૂલ વિભાગ માટે એક સ્પષ્ટ અને અમલી બનાવી શકાય તેવો રોડમેપ તૈયાર કરવામાં આવશે. આ ચિંતન શિબિરની પહેલથી રાજ્યના લેન્ડ ગવર્નન્સમાં ક્રાંતિકારી ફેરફારો આવશે અને નાગરિકકેન્દ્રી વહીવટ વધુ મજબૂત બનશે.

### અમદાવાદની ૨૦૧૬ માં દારૂની મહેફિલનો કેસ

# અર્જુન મોઢવાડિયાના પુત્ર પાર્થ મોઢવાડીયા સહિત ૨૬ નિર્દોષ જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ અમદાવાદના સેટેલાઈટ પોલીસ મથકે વર્ષ ૨૦૧૬ માં અર્જુન મોઢવાડિયાના પુત્ર પાર્થ મોઢવાડિયા સહિત કુલ ૨૬ આરોપીઓ સામે પ્રોહીબિશન એક્ટ અંતર્ગત ગુનો નોંધાયો હતો. કેસ અમદાવાદ ગ્રામ્ય મેજિસ્ટ્રેટ કોર્ટમાં ચાલી જતા કોર્ટે ૧૪ સાહેદ અને ૨૬ દસ્તાવેજી પુરાવા તપાસીને આરોપીઓને શંકાનો લાભ આપીને નિર્દોષ છોડયા છે.

૨૦૧૬ માં ૮ મે ની રાત્રિ દરમિયાન PSI ચંદ્રકલા જાડેજાએ બાતમી આધારે સેટેલાઈટના એક ફ્લેટમાં દારૂની મહેફિલ પકડી હતી. આ રેડમાં અર્જુન મોઢવાડિયાના પુત્ર પાર્થ મોઢવાડિયા સહિત કુલ ૨૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસની પૂછપરછમાં સામે આવ્યું હતું કે વરુણ જૈન નામના વ્યક્તિની બર્થડે પાર્ટી હોવાથી તેને પોતાના પિતા મનોજ જૈનની લિકર પરમિટ ઉપર રાજકોટથી શરાબ લવાયો હતો.

આ કેસમાં PSI ચંદ્રકલા જાડેજા પોતે ફરિયાદી હતા. જોકે આરોપીના વકીલે કોર્ટ સમક્ષ જુદી જુદી દલીલો કરી હતી. ફરિયાદીએ જણાવ્યું હતું કે જ્યારે તેઓ ઘટના સ્થળે પહોંચ્યા ત્યારે મકાનનો અડધો દરવાજો ખુલ્લો હતો. કોઈપણ વ્યક્તિ શરાબ પાર્ટી દરવાજો ખુલ્લો રાખીને કરે તેવું માની શકાય તેમ નથી. વળી રેડ વિશે PSI એ પોતાના ઉપરી અધિકારીઓને જણાવ્યું નહોતું.

આ કેસમાં કોઈ સ્વતંત્ર વ્યક્તિની પૂછપરછ કરવામાં આવી નથી. પોલીસ સ્ટેશનની બહાર ચા બનાવતા વ્યક્તિને પંચ સાહેદ બનાવી દીધા હતા. આ કેસ બાદ ફરિયાદી PSI ચંદ્રકલા જાડેજા ઉપર વર્તમાન આરોપીઓને જામીન ઉપર છોડી દેવા તેમજ મહિલાઓને અને બાળકોની ધરપકડ નહીં કરવા ૪ લાખ રૂપિયા માંગ્યાનો આરોપ લગાવાયો હતો. જે સંદર્ભે એન્ટી કરપ્શન બ્યુરોમાં ફરિયાદ કરવામાં આવી હતી. કેસમાં ચાર્જશીટ કરનાર પોલીસ અધિકારી ACP સી.એન.રાજપુત છે. જેઓ PSI ચંદ્રકલાના ભ્રષ્ટાચાર ના કેસની પણ તપાસ કરી રહ્યા છે. છઝમ્ના કેસમાં ફરિયાદી ચંદ્રકલાએ ઘટના સમયે તેઓ પોતાના ઘરે હતા તેમ જણાવતા ફરિયાદીના વિરોધાભાસી નિવેદનો સામે આવ્યા છે. આ રેડમાં કેટલી સ્ત્રીઓ હાજર હતી તે પણ લખ્યું નથી. આરોપીઓના બ્લડ ટેસ્ટના સેમ્પલ સમયસર લેવાયા નથી કે તેમની મેડિકલ સીલ કરાયા નથી. ઉપરોક્ત રજૂઆતો બાદ મેજિસ્ટ્રેટ કોર્ટે આરોપીઓને શંકાનો લાભ આપીને નિર્દોષ છોડ્યા

### હત્યા કેસમાં પ્રેમ ત્રિકોણનો ભેદ ઉકેલાયો

# અમિત ડાંગી નામના શખ્સે તેના મિત્ર અરવિંદ ભૂરિયાની હત્યા કરી

### હત્યા પાછળનું કારણ મૃતક અરવિંદે આરોપી અમિતની પ્રેમિકા સાથે લગ્ન કર્યા હોવાનું સામે આવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા) દાહોદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પ્રેમ સંબંધ અને મિત્રતાના ત્રિકોણમાં થયેલી હત્યાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. બે-ત્રણ દિવસ અગાઉ એક કબ્રસ્તાનમાંથી મળી આવેલી શંકાસ્પદ લાશના કેસની પોલીસ તપાસમાં આ ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે કે, આ પ્રેમ-પ્રકરણમાં જ એક મિત્રએ જ બીજા મિત્રનું ઢીમ ઢાળી દીધું છે. મિત્રએ પ્રેમિકા સાથે લગ્ન કરી લેતા તેને મોત મળ્યું હોવાનું સામે આવતા જ પોલીસે આરોપી મિત્રને પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વિગતે વાત કરીએ તો, દાહોદના નગરાળા રોડ પર આવેલ નસીરપુર ગામના કબ્રસ્તાનમાંથી એક અજાણ્યા યુવકની લાશ ગત તારીખ ૩૦/૦૪/૨૦૨૬ના રોજ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. માહિતી મળતા જ દાહોદ ગ્રામ્ય પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અને તપાસ શરૂ કરી હતી. જિલ્લા પોલીસ વડા રવિરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ એલસીબી, એસઓજી અને ગ્રામ્ય પોલીસની ટીમો બનાવવામાં આવી અને તપાસ ઝડપી બનાવવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં જ આ હત્યાનો બનાવ હોવાનું સ્પષ્ટ થયું હતું. તપાસ દરમિયાન મૃતકની ઓળખ અરવિંદ બચુભાઈ ભૂરિયા તરીકે થઈ હતી, જે દાહોદ જિલ્લાના નાની ખરજ ગામનો રહેવાસી હતો. તેમજ આ કેસમાં આરોપી તરીકે અમિત ડાંગીની ઓળખ થઈ હતી જે દાહોદ શહેરમાં રહેતો હતો. જે બાદ પોલીસે ટેકનિકલ પુરાવા અને કોલ ડિટેલ રેકોર્ડના આધારે ટૂંકા સમયમાં જ આ અંધ હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું કે, અમિત ડાંગી અને અરવિંદ ભૂરિયા બંને દાહોદના APMC ફળ બજારમાં સાથે કામ કરતા હતા અને બંને વચ્ચે સારી મિત્રતા હતી. અમિત ડાંગી છેલ્લા ચાર વર્ષથી પાયલ નામની યુવતી સાથે લિવ-ઈન સંબંધમાં રહેતો હતો.

પાયલે અમિત સાથે અનેક વખત લગ્ન કરવાની વાત કરી હતી, પરંતુ અમિત વારંવાર આ વાતને ટાળી દેતો હતો. આખરે પાયલે અમિતના જ મિત્ર અરવિંદ ભૂરિયા સાથે સામાજિક રીતરિવાજ મુજબ લગ્ન કરી લીધા હતા. લગ્ન બાદ પાયલે અમિતને ફોન કરીને હવે મારા લગ્ન થઈ ગયા છે, તુ પણ પોતાનું જીવન આગળ વધાર તેવી વાત કહી હતી. આ વાતથી અમિત ડાંગી અંદરથી આક્રોશિત થઈ ગયો અને બદલો લેવા માટે યોજના બનાવી હતી. આરોપીએ અરવિંદ ભૂરિયાને ફોન કરીને નસીરપુર કબ્રસ્તાન પાસે બોલાવ્યો અને વિશ્વાસમાં લઈને અંદર લઈ ગયો હતો. ત્યાં આરોપીએ ધારદાર હથિયારથી અરવિંદ પર અનેક ઘા કર્યા અને ગળું કાપીને તેની નિર્દયતાથી હત્યા કરી નાખી હતી અને ઘટના બાદ આરોપી ફરાર થઈ ગયો હતો.

પોલીસે ટેકનિકલ તપાસના આધારે આરોપી અમિત ડાંગીને ઝડપી પાડી તેની ધરપકડ કરી છે. હાલ પોલીસ આરોપી પાસેથી વધુ પૂછપરછ કરી રહી છે અને હત્યામાં વપરાયેલ હથિયાર શોધવા માટે તપાસ આગળ ધપાવી રહી છે અને કોર્ટ દ્વારા ૬ દિવસના રિમાન્ડ પણ મંજૂર કરાયા છે. આ સમગ્ર બનાવમાં પ્રેમ અને મિત્રતાના ત્રિકોણે એક નિર્દોષ યુવકનો જીવ લઈ લીધો છે. એક તરફ પાયલ વિધવા બની ગઈ છે જ્યારે બીજી તરફ આરોપી અમિત ડાંગી હવે કાયદાની પકડમાં આવી ગયો છે. ત્રણેય પરિવારનું ભવિષ્ય હવે આ એક આક્રોશના કારણે અંધકારમાં જતું રહ્યું છે. દાહોદ પોલીસ દ્વારા ઝડપી અને અસરકારક કામગીરી કરીને ગંભીર ગુનાનો ભેદ ઉકેલવામાં આવ્યો છે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

### દૂર-દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા

# અમદાવાદઃ સાણંદ GIDCની કંપનીમાં ભીષણ આગ લાગી



(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ અમદાવાદના સાણંદ GIDCમાં રવિવાર(૩ મે) આગની દુર્ઘટના ઘટી હતી. GIDCમાં વન્ડર ગેટ નજીક આવેલી IPD નામની ખાનગી કંપનીમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. આગ એટલી વિકરાળ હતી કે કંપનીમાં રહેલો પાર્ટ્સનો જથ્થો અને ટ્રોલીઓ જોતજોતામાં આગની ઝપેટમાં આવી ગઈ હતી.પ્રાપ્ત વિગતો મુજબ, સાણંદ GIDCમાં કંપનીમાં આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જેમાં આગની જ્વાળાઓ દૂર-દૂર સુધી દેખાતી હતી. એકાદ કલાકથી વધુ સમય સુધી કંપનીમાં આગ રહી હતી. આગના બનાવને પગલે ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી.

ફાયર વિભાગની બે ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગને વધુ પ્રસરતી અટકાવી હતી. કલાકોની જહેમત બાદ આગ પર આંશિક કાબૂ મેળવી શકાયો હતો. સદનસીબે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી.

### લાહોર-રાવલપિંડીમાં થોડો છું, સુરતમાં છું!

# NEETમાં દીકરીની કંઠી ઉતારતા પિતા ભડક્યા!

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત હાલમાં જ લેન્સકાર્ડ કંપનીએ બનાવેલા ડ્રેસ કોડના નિયમો બાદ તેનો વિરોધ કરાયો હતો. ત્યારે સુરતમાં NEET-UG ની પરીક્ષા દરમિયાન ચોંકાવનારો કિસ્સો બન્યો છે. દઈઈમાં દીકરીની કંઠી ઉતારતા એક પિતા ભડક્યા હતા. તેઓએ કહ્યું કે, હિન્દુ રાષ્ટ્રનો ઝંડો ફરકાવો છો તો કંઠી કેમ કઢાવી. હું લાહોર-રાવલપિંડીમાં થોડો છું, સુરતમાં છું' કહી પિતાએ આક્રોશ વ્યક્ત કર્યો હતો. સુરતમાં પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થીઓને કંઠી કઢાવી પ્રવેશ અપાતા વિવાદ થયો હતો. ત્યારે એક વાલીએ ભારે હોબાળો કરી પોતાની દીકરીને કંઠી પહેરાવવા માટે વર્ગખંડમાંથી બહાર બોલાવી હતી. જો કે પરીક્ષામાં મોડું થતું હોવાથી દીકરીએ કંઠી પહેરવાનો ઈંકાર કર્યો હતો.

આ દરમિયાન પિતાએ વધારે પડતું દબાણ કરતા દીકરી પરીક્ષા શરૂ થાય તે પહેલાં ભાંગી પડી હતી અને રડી પડી હતી. આ દરમિયાન ત્યાં હાજર લોકોએ પણ પિતાને 'તમે દીકરીની પરીક્ષા બગાડો છો' કહી સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. સુરતના આમરોલી વિસ્તારમાં આવેલી ગૌતમ સ્કૂલનો આ બનાવ છે. જેમાં પરેશ કાછડિયા નામના વાલીએ દીકરીની કંઠી કઢાવી લેવાની વાત પર ભડક્યા હતા. તેઓએ સેન્ટર પર આક્ષેપો કર્યા હતા કે, હું થોડો લાહોર, કરાચી કે રાવલપિંડીમાં ઊભો છું? હું હિન્દુનો દીકરો છું અને અહીંયા હિન્દુસ્તાનમાં સુરતમાં ઊભો છું. તમારી દીકરી કંઠી ન પહેરી શકે એકઝામમાં? કંઠીમાં શું ચોરી થઈ જાય એમાં? તમે હિન્દુ રાષ્ટ્રનો ઝંડો ફરકાવો છો તો હિન્દુની દીકરી એકઝામ આપવા જાય ને કંઠી કાઢી નાખે? તમે હિજાબ ઉતારવી ન શકો, કોઈ વાંધો નહીં, હિજાબ રાખો, બુરખો રાખો, ટોપી પહેરો પણ હિન્દુની દીકરા-દીકરી પરીક્ષા આપે તો કંઠી શું કામ કાઢી નાખે? કોઈ એમાં ઈશ્યુ હોય તો કહો મને. મને કોઈપણ કેસમાં ફસાવીને ફાંસી આપી દો. પછી મને બધા આ લોકો પોતાની ભૂલ સ્વીકારવાને બદલે એ લોકો એમ કહે કે 'બાઈ તમારી દીકરીના માનસિક ઉપર અવળી અસર પડશે, અને અત્યારે શાંતિથી એક્ઝામ આપવા દો', એવા સાયકોલોજીકલ ફંડા મને સમજાવે છે. ઉલ્લેખનીય છે કે, દેશભરમાં NEET-UG ની પરીક્ષા યોજાઈ હતી. દેશના ૫૫૨ શહેરમાં પરીક્ષાનું આયોજન કરાયું છે. ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓએ આજે NEET-UG ની પરીક્ષા આપી રહ્યા છે. પરીક્ષા કોઈ પણ પ્રકારની ગેરરીતિ વગર યોજાઈ તે માટે સંપૂર્ણ તૈયારી કરી લેવાઈ હતી. ધોરણ-૧૨ સાયન્સ બાદ મેડિકલમાં પ્રવેશ માટે UG NEETની પરીક્ષા લેવાય છે.

### ચૂંટણી પૂર્ણ થતાં જ જામનગરમાં બુલડોઝર એક્શન

# હાપામાં ૧.૨૦ લાખ ચો. ફૂટ જમીન પરથી દબાણો દૂર

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર સ્થાનિક સ્વરાજની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં જ જામનગર મહાનગરપાલિકાએ ગેરકાયદેસર દબાણો સામે કડક વલણ અપનાવ્યું છે. રવિવારે સવારથી જ હાપા વિસ્તારમાં ઈસ્કોન મંદિરની બાજુમાં આવેલી અંદાજે ૧,૨૦,૦૦૦ ચોરસ ફૂટ સરકારી જમીન પર તંત્રએ મેગા ડિમોલેશન હાથ ધરી તેને દબાણમુક્ત કરાવી હતી. હાપા વિસ્તારમાં શહેરી ગરીબોના આવાસ માટે ફાળવવામાં આવેલી આ કિંમતી જમીન પર લાંબા સમયથી ૧૬ જેટલા આસામીઓએ ગેરકાયદેસર કબજો જમાવ્યો હતો. તંત્ર દ્વારા અહીં ખડકાયેલા ગેરેજ, વર્કશોપ, ભંગારના વાડા અને ટાઈલ્સ રાખવાના મોટા પ્લોટ સહિતના કોમર્શિયલ બાંધકામો તોડી પાડવામાં આવ્યા હતા. આ જમીનની બજાર કિંમત અંદાજે ૩૫ કરોડ રૂપિયાથી વધુ હોવાનું આંકવામાં આવ્યું છે. આજની કામગીરી એટલી વિશાળ હતી કે તંત્રએ કોઈ પણ વિરોધને પહોંચી વળવા માટે મોટી તૈયારી કરી હતી. મનપાના આસિસ્ટન્ટ કમિશનર અને સિક્યુરિટી અધિકારીની દેખરેખ હેઠળ એસ્ટેટ, ફાયર બ્રિગેડ, સ્લમ વિભાગ અને સોલિડ વેસ્ટ શાખાના અંદાજે ૧૦૦ જેટલા કર્મચારીઓ જોડાયા હતા. ડિમોલેશન માટે ૬ જેસીબી, હિટાચી મશીન અને ૬ ટ્રેક્ટરોનો ઉપયોગ કરીને સવારના ૦૮:૦૦ વાગ્યાથી ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. મહાનગર પાલિકાએ અગાઉ આ તમામ આસામીઓને નોટિસ પાઠવી હતી, પરંતુ ચૂંટણીના માહોલ વચ્ચે કાર્યવાહી અટકેલી હતી. જેવી ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થઈ કે તરત જ તંત્રએ આ આક્રમક અભિગમ અપનાવ્યો છે, જેનાથી દબાણકર્તાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# ખંભાળિયામાં રખડતા આખલાએ ૧૩ વર્ષના કિશોરને અડફેટે લીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)દ્વારકા જિલ્લામાં આખલાઓનો આતંક સામે આવ્યો છે. જામ ખંભાળિયામાં રખડતા આખલાએ ૧૩ વર્ષીય માસૂમ બાળકનો ભોગ લીધાની કંપાવનારી ઘટના ઘટી છે. ખંભાળિયાના ધરમપુર વિસ્તારમાં સાયકલ લઈને જઈ રહેલા કિશોરને રખડતા આખલાએ અડફેટે લીધો હતો જે બાદ તેનું મોત થયું છે. આ કંપાવનારી ઘટના બાદ આખા પરિવાર સહિત પંથકમાં શોકનો માહોલ છવાયો છે. આ સાથે તંત્ર સામે પણ રોષ ભભૂકી ઉઠ્યો છે.આ અંગે મળતી માહિતી પ્રમાણે, ખંભાળિયાના ધરમપુર વિસ્તારમાં સાયકલ લઈને જઈ રહેલા કિશોરને રખડતા આખલાએ અડફેટે લીધો હતો જે બાદ તેનું મોત થયું હતું. આખલાએ બાળકને પેટમાં શીંગડું ખુપાવી દીધું હતું. જેથી માસૂમ કિશોર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. પરિવારજનો બાળકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. જોકે, સાહિલ મહેન્દ્રભાઈ નકુમનું વધુ સારવાર મળે તે પહેલાં જ મોત નીપજ્યું હતું. દ્વારકા જિલ્લામાં રખડતા આખલાઓના કારણે કેટલાય નિર્દોષ લોકો ભોગ બન્યા છે. તંત્રની કામગીરી સામે લોકોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે.મૃતકના કાકાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું છે કે, મારો ૧૩ વર્ષનો ભત્રીજો રોડ પર સાયકલ લઈને જતો હતો. આ દરમિયાન આખલાએ શીંગડું ભરાવીને તેને પાડી દીધો હતો અને તેનું શીંગડું એને વાગ્યું હતું. અમે તાત્કાલિક સારવાર માટે લઈ ગયા હતા. પહેલા તેને પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ ગયા બાદ સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જોકે, ત્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.થોડા દિવસ પહેલા જ રોઝડાને કારણે એક લોકોને જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો. જૂનાગઢના માંગરોળ તાલુકાના રઈજ ગામ નજીક સોમનાથથી દ્વારકા જતી ભાવનગરના શ્રદ્ધાળુઓની એક ખાનગી બસ પલટી મારી ગઈ હતી. જેમાં બે શ્રદ્ધાળુઓના ઘટનાસ્થળે જ કંપારીભર્યા મોત નીપજ્યાં હતા. આ ખાનગી બસમાં ૪૦થી વધુ ભાવનગરના શ્રદ્ધાળુઓ સવારી કરી રહ્યા હતા. સોમનાથ મહાદેવના દર્શન કરીને દેવભૂમિ દ્વારકા જવા નીકળ્યા હતા. રઈજ ગામ પાસે પહોંચતા રસ્તા વચ્ચે રોઝડું (નીલગાય) આવી ગયું હતું જેથી બસ ચાલકે સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો અને બસ પલટી ખાઈ ગઈ હતી. જેમાં બે શ્રદ્ધાળુઓએ અકસ્માત સ્થળે જ જીવ ગુમાવ્યો હતો.